**સુવિચાર**
દેહ માટીનો લઈને નીકળ્યા તો છો, રાહમાં આગળ સમંદર આવશે !
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૭/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
કોઈનું સારૂ થાય એ માટે ભોગ આપવો એ છપ્પન ભોગ કરતા મહત્વનો ભોગ છે....!!
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૩ વર્ષ : ૧૬ અંક : ૧૮૨

## લાઠી, ચિતલ, કુંકાવાવ અને વડિયા રેલ્વે સ્ટેશન નજીક DAP અને યુરિયા માટે ગોડાઉન બનાવી

# અમરેલી જિલ્લામાં સરદાર, નર્મદા ખાતરનાં કારખાના શરૂ કરો

**સરદાર અને નર્મદા બ્રાન્ડ ખેડૂતોમાં ખૂબ જ લોકપ્રિય હોય અને તે સરકાર દ્વારા બનાવાતું હોય છે**

**જીએનએફસી અને જીએસએફસી કંપનીનું વધારાનું કારખાનું અમરેલી જિલ્લામાં શરૂ કરવામાં આવે તે જરૂરી**

**અમરેલી જિલ્લામાં ખાતર બનાવવાનું કારખાનું શરૂ થાય તો સમગ્ર સૌરાષ્ટ્રમાં સરળતાથી અને ઝડપથી ખાતર પહોંચાડી શકાય**

**જિલ્લાનાં ખેડૂત નેતા અને પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાનાં ખેડૂત નેતા અને પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને અમરેલી જિલ્લામાં ડીએપી અને યુરિયા ખાતરનાં સ્ટોરેજ માટે ગોડાઉનનું નિર્માણ કરવા અને જીએસએફસી અને જીએનએફસી કે જે રાજય સરકાર સંચાલિત નિગમનાં માધ્યમથી ઉત્પાદિત થતાં લોકપ્રિય ગણાતા સરદાર અને નર્મદા બ્રાન્ડનાં ખાતરનાં કારખાના અમરેલી જિલ્લામાં શરૂ કરવા માંગ કરી છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં ખેતી પાકોની સિઝનમાં ખાતરની અછત બાબત અવાર–નવાર રજુઆત આવતી હોય છે. ત્યારે આ સમસ્યાનો કાયમી ઉકેલ થવો જરૂરી છે. ખાસ કરીને ડીએપી, યુરિયા જેવા મહત્વનાં ખાતર બાબતે આ પ્રશ્ન રહે છે અને આ બાબતની વધારે તકલીફ આવતી હોવાની રજુઆત અમારા સમક્ષ થતી હોય છે. તો કેન્દ્રીય ફર્ટીલાઈઝર (ખાતર) મંત્રી અને રાજય સરકાર ધ્વારા અમરેલી જિલ્લાને કાયમી ખાતરની અછતમાંથી દુર કરવા માટે લાઠી, ચિતલ, કુંકાવાવ અને વડિયા રેલ્વે સ્ટેશનો નજીક સરકારી જમીનો પડી છે ત્યાં મોટા ગોડાઉનો કરી ટ્રેન ધ્વારા અહી ઓફ સિઝનમાં ખાતરનો વધારાનો સ્ટોક આ ગોડાઉનોમાં કરવામાં આવે જેથી અમરેલી જિલ્લાને કાયમી ખાતરની અછતમાંથી મુકિત મળે. ઉપરાંત ગુજરાત સરકારના જીએનએફસી અને જીએસએફસી જે સરદાર અને નર્મદા બ્રાન્ડથી ખેડૂતોમાં ખૂબ જ લોકપ્રિય છે. તો ગામડાનો મુખ્ય આધાર ખેતી હોય અમરેલી જિલ્લામાં આ બંને કંપનીઓની એક્ષટેન્શન કરી ગુજરાત સરકાર નવી ફેકટરીઓ સૌરાષ્ટ્રનાં ખેડૂતોને ખાતર મળી રહે તે

**અનુસંધાન પાના ૬ ઉપર**


# અમરેલીનો સૌ પ્રથમ પ્રોપર્ટી એક્સ્પો

## INVESTMENT કરવું છે ને?

### તો AHMEDABAD અને GANDHINAGAR થી BEST શું હોઈ શકે

**2 BHK , 3 BHK , 4 BHK , PENTHOUSE, SHOWROOMS, OFFICE, STUDIO APT**

**GUARANTEED RETURNS**







**12 & 13 JULY**
**શનિવાર - રવિવાર**
**( 10 AM to 6 PM )**




**અલ્પાહાર ભોજન સાથે લઈશું.**

**SAFFRON GROUP | SHREE SHARANAM | ANANTA GROUP**

CONTACT US :
**+91 85114 92222**

LOCATION : Old Market Yard,
Hotel Angel Lords (Banquet Hall)

### સવા વર્ષ પહેલા બનેલ બનાવનો ભેદ ખુલ્યો

# લાઠી પંથકમાં મોબાઈલ ચોરીનાં ગુન્હામાં ચલાલા પોલીસે આરોપી ઝડપી લીધો

### પીઆઈ જી.આર. વસૈયાનાં માર્ગદર્શનતળે કામગીરી



અમરેલી, તા. ૧૨


લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઈલ ચોરીનાં ગુન્હામાં એક આરોપીને ચલાલા પોલીસે ઝડપી લઈ ગુન્હાનો ભેદ ખોલી દીધો છે.

આ કામગીરી ચલાલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર જી.આર. વસૈયાની રાહબરી હેઠળ ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. ભગીરથભાઈ ધાધલ તથા હેડ કોન્સ. રવીભાઈ બગડા તથા પોલીસ કોન્સ. રોહીતભાઈ રાખોલીયા તથા પોલીસ કોન્સ. દીનકરભાઈ પાધડાળનાઓ ધ્વારા કરવામાં આવેલ છે.

### બ્રોડગેજ કામ શરૂ હોય રેલ્વે વ્યવહાર બંધ, એસ.ટી બસ છે નહી

# હે રામ : અમરેલીનાં શિવ ભકતોને પવિત્ર શ્રાવણ માસમાં સોમનાથ દર્શન કરવા જવા માટે કોઈ સુવિધા જ નથી

### એસ.ટી વિભાગીય નિયામક સોમનાથ રૂટની બસ શરૂ કરે તેવી માંગ





અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતેથી પવિત્ર શ્રાવણ માસમાં દર વર્ષે શિવભકતોને સોમનાથ મહાદેવના દર્શને જવા માટેની બે રૂટીન ટ્રેન ઉપરાંત એક વધારાની શ્રાવણ સ્પેશ્યલ ટ્રેન પણ મળતી હતી. પણ આ વખતે શ્રાવણ માસમાં અમરેલીથી એક પણ સોમનાથ મહાદેવના દર્શને જવા માટેની ટ્રેન નહીં મળે. ત્યારે અમરેલી જિલ્લાના રાજકીય નેતાઓ અમરેલીથી મુસફરોને અનુકુળ આવે તેવા સમયે એક એસ.ટી. બસ પણ ચાલુ કરાવી શકતા નથી. જેથી શિવભકતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

અમરેલી ખાતેથી વર્ષોથી સવારે અને બપોરે અમરેલીથી વેરાવળ માટેની બે ટ્રેની દોડતી હતી. અને પવિત્ર શ્રાવણ માસમાં પણ શિવભકતો સવારે નીકળીને સાંજે સોમનાથ મહાદેવના દર્શન કરી પરત ફરી શકે તે રીતે વધારાની શ્રાવણ સ્પેશ્યલ ટ્રેન પણ દોડાવાતી હતી.

આ રીતે પવિત્ર શ્રાવણ મહિનામાં કુલ ૩ ટ્રેન ભરાઈ તેટલો ટ્રાફિક મળી રહેતો હતો. ત્યારે આ વર્ષે બ્રોડગ્રેજની કામગીરી ચાલી રહી હોવાના કારણે મીટર ગેજ પણ ટ્રેન ૬ મહિના સુધી બંધ છે. જેના કારણે આ વખતે શ્રાવણ મહિનામાં અમરેલીથી સોમનાથ જવા માટેની સ્પેશ્યલ ટ્રેન પણ નહી દોડે. અમરેલીમાં મીટરગેજ ટ્રેન બંધ થયાને ઘણો લાંબો સમય થઈ ગયો છે. ત્યારે પવિત્ર શ્રાવણ માસ શરૂ થવામાં ગણતરીના જ દિવસો બાકી રહ્યાં છે. ત્યારે એસ.ટી.ના અધિકારીઓને રજૂઆતો છતા પણ ખાનગી વાહનોને કાયદો કરવા માગતા હોય તેમ અમરેલીથી સોમનાથ માટેની અમરેલીથી એસ.ટી. બસ પણ શરૂ કરવામાં આવતી નથી.

હાલમાં બાબરાથી સોમનાથની એક એસ.ટી. બસ શરૂ કરાઈ છે. તે પણ છેક સાંજના સમયે સોમનાથ પહોંચાડે છે. અને આથી ફરજિયાત દર્શનાર્થીઓને ત્યાં સોમનાથ રોકાવું પડે છે. અને ખૂબ મોટો વધારાનો ખર્ચ થાય છે. શિવભકતો અમરેલીથી સવારે નીકળીને સોમનાથ મહાદેવના દર્શન વગેરે કરી રાતે અમરેલી પરત કરી શકે તેવી એક પણ એસ.ટી. બસ અમરેલીના રાજકીય નેતાઓ શરૂ કરાવી શકતા નથી. આ મુદ્દે જિલ્લા વિકાસ સમિતિએ લેખિત માગણીઓ કરી છે. છતા પણ કોઈ જ કાર્યવાહી થતી ના હોય જેથી શિવભકતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

### થોડા દિવસની વરાપ બાદ ફરી મેઘરાજાનું આગમન

# બાબરામાં સમી સાંજે એકાએક જોરદાર પવન અને ધૂળની ડમરીઓ સાથે મેઘરાજાનું આગમન

### મોડ સાંજ સુધીમાં દોઢથી બે ઈંચ વરસાદ પડી જતાં બજારોમાં પાણી ભરાયાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨


બાબરામાં આજે સમી સાંજે તોફાની પવન સાથે જોરદાર વરસાદ પડી જતાં થોડી જ મિનીટોમાં ૨ ઈંચ જેટલો વરસાદ પડી જતા શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું.

બીજી તરફ તાલુકામાં ચરખા ઉટવડ ખાખરીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ પડી ગયો હતો તાલુકામાં વરાપ નીકળતા ખેડૂતો ખેતીમાં વ્યસ્ત હતા ત્યાં ફરી વરસાદ આવતા હાલ ખેડૂતો ને ખેતી કામ અધઢં રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

### શહેરીજનોનાં હિતાર્થે પાલિકાની ઉમદા કામગીરી

# આનંદો : જાફરાબાદનાં ટ્રાફિકથી ધમધમતા બંદર ચોક વિસ્તારમાં રોશનીનો ઝગમગાટ શરૂ

### વાવાજોડામાં ટાવર પડી ગયા પૂનઃ ઝગમગાટ શરૂ



જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ ભરચક્ક વિસ્તારમાં રાત્રીના સમયે છવાયેલો અંધારપટ પાલિકા દ્વારા દૂર કરવા માટે ઊંચો ટાવર લગાડવામાં આવ્યો. આ બંદર ચોક એટલે જાગતો વિસ્તાર અહીં મોટી સંખ્યામાં ખાણી પીણીની લારીઓ હોય મોડી રાત્ર સુધી નાગરિકો અવરજવર હોય અહીં તૌઉકે વાવાઝોડા દરમિયાન ટાવર પડી જતા ટુટી ગયો હતો. ત્યારથી આજદિન સુધી બંદર ચોકમાં રાત્રીના સમયે અંધારપટ છવાયેલો રહેતો હોવાથી રાત્રીના સમયે અકસ્માત થવાની શકયતા વધી ગઈ હતી. કારણ કે અહીં બંદર ચોકમાં જુનું બસ સ્ટેશન પોઈન્ટ હોવાથી અહીં રાત્રીના મુસાફર જનતાની પણ અવરજવર રહેતી હોય અહીં બસોને અંધારપટ હોવાથી વળાંક લેવામાં અકસ્માત સર્જાયા તેવી સ્થિતિ હતી કારણ કે અહીં રાત્રીના સમયે ઓછા અજવાળાથી વાહન ચાલકો પરેશાન

અહીં બંદર ચોકમાં જયારે ટાવર લગાડવામાં આવ્યો. ત્યારે અહીં બાજુમાં આવેલ જેટી સુધી અજવાળું રહેતું હતું પરંતુ જયારથી ટાવર ન હોવાથી રાત્રીના સમયે અંધારપટ છવાયેલો રહેતો હતો. અહીં મેરીટાઈમ બોર્ડની કચેરી તથા જેટી પણ આવેલ હોય રાત્રીના સમયે જેટી એથી રાત મધરાતે ખલાસીઓ બોટમાંથી ઉતરતા આ છવાયેલા અંધારપટના કારણે જેટી નીચે પડી જાય તેવું અંધારપટ રહેતું હતું. જે અંધારપટ દુર કરવા માટે ટાવર લગાડવા માટે પાલિકા દ્વારા તસ્દી લેવામાં આવી છે . અહીં રાત્રીના સમયે અંધારપટ છવાઈ જતાં અહીં આવતા મુસાફરો પણ ભયભીત થઈ જતા હતા. અહીં અંધારપટથી બસોને પણ અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી હતી. આ અંધકારથી કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તે પહેલાં પાલિકા દ્વારા ટાવર લગાડવામાં આવ્યો છે. આ બાબત પાલિકા દ્વારા ગંભીરતા ધ્યાને લઈ પાલિકા દ્વારા ટાવર ફીટ કરવું જરૂરી બન્યું હતું કારણ કે અહીંથી સરકારી બસો વાહનો આવજાવ કરતા હોય અહીં રાત્રીના સમયે મુસાફર જનતા પણ અવરજવર રહેતી હોય. તેમાં પણ તકલીફ ન પડે તે માટે તુરંત કામગીરી હાથ ધરવામાં આવેલ છે. અહીં રાત્રે ઓછા અજવાળાથી વાહન ચાલકો રાહદારીઓમા અકસ્માતોના સર્જાઈ તે માટે પાલિકા નાગરિકોને પડતી હાલાકી દૂર કરવામાં આવે તેવી માંગ રાહદારીઓ તથા વાહન ચાલકો અને મુસાફર જનતા માંથી ઉઠી હતી. પાલિકા દ્વારા અંધકાર દૂર કરવા માટે ટાવર ઊભો કરવામાં આવ્યો છે.

# અમરેલી ખાતે કોળી શકિત યુવક મંડળ દ્વારા સમુહલગ્નોત્સવ યોજાયો



અમરેલી, તા. ૧૨

અમરેલી કોળી શકિત યુવક મંડળ દ્વારા સમુહ લગ્ન સમારંભમાં ૧૫ નવદંપતિઓનો ભવ્ય સમુહ લગ્ન તા. ૨૮/૬/૨૫ના રોજ યોજાઈ ગયેલ. આ સમારંભમાં પ્રમુખ ભુપતભાઈ એમ. ડાભી ગોંડલ પ્રમુખ ગુજરાત માંધાતા ગૃપ ઉદ્‌ઘાટન બાળ હનુમાન મંદિર લલીતબાપુ, મગનભાઈ એન. કાબરીયા પ્રમુખ બાળ હનુમાન મંદિર ડી.કે. રૈયાણી, પૂર્વ પ્રમુખ કોંગ્રેસ એમ.કે. સાવલિયા સાજીયાવદર, મનીષભાઈ ભંડેરી કોંગ્રેસ, દિનેશભાઈ બી. સોલંકી, અશોકભાઈ ચૌહાણ ચલાલા, ચંદુભાઈ કાતરીયા, અભિમન્યુભાઈ આર. ડાકી પોરબંદર, મનુભાઈ બારૈયા, જેતપુર બાબભાઈ એમ. મકવાણા હાજર રહી ઉદ્‌ઘાટન અને આર્શીવચન આપેલ.

મુખ્ય દાતાઓ સંદિપ આર. અળિફળિયા અધિકારી જિ. રજીસ્ટાર મંડળી મુકેશભાઈ રાજપરા વિછીયા, સવજીભાઈ મકવાણા ભાવનગર, રાજપરા વિનુભાઈ એમ. ગોહિલ જેજાદ, ડી.કે. રૈયાણી, મનુભાઈ ચાવડા સુરત, કાનજીભાઈ ટપુભાઈ ઠોળીયા ઘોબા, પ્રવિણભાઈ છગનભાઈ મકવાણા વિરડી નરસિંહભાઈ મેઘજીભાઈ રાઠોડ, અભિમન્યુ આર. ડાકી પોરબંદર મુખ્ય દાતાઓ રહ્યા હતા.

આ સમુહ લગ્નને સફળ બનાવવા મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરશોત્તમભાઈ એન. મકવાણા, ભીખુભાઈ પી. મકવાણા, રમેશભાઈ આર. ડાભી, રતનબેન આર. બલદાણીયા, ભાવેશભાઈ જી. વાઘેલા, આરતીબેન આર. ગોહીલે જહેમત ઉઠાવી હતી.

### તળપદા કોળી સમાજ દ્વારા

# અમરેલી ખાતે ૨૭ જુલાઈએ લગ્નોત્સવ યુવક–યુવતીઓનો પરિચય મેળો

### વધુ વિગત માટે આયોજકનો સંપર્ક કરો

અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતે મહિલા તળ પદા કોળી સેવા સમાજ દ્વારા ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા તળપદા કોળી સમાજ લગ્નોત્સુક યુવક/યુવતીનો જીવન સાથે પરિચય વેવિશાળ સમારંભ તા. ૨૭/૭/૨૫ને રવિવારના રોજ આયોજન કરવામાં આવેલ છે. ભાગ લેવા માગતા પ્રમુખ આરતીબેન આર. ગોહિલ રામ એસ્ટેટ, જુના માર્કેટયાર્ડ, દુકાન નં. બી./એફ. ૧૩ પહેલો માળ, મો. ૮૨૦૦૭ ૪૧૭૯૫ પરશોતમભાઈ એન. મકવાણા ૯૪૨૮૭ ૯૮૬૪૭નો સંપર્ક કરવા જણાવાયુ છે.

### એલસીબી પીઆઈનાં માર્ગદર્શનતળે પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

# લગ્ન કરાવી આપવાનાં વિશ્વાસઘાતનાં ગુન્હામાં ૭ માસથી નાસતા ફરતા આરોપીની અટકાયત

### હળવદનાં ગોકુળીયા ગામેથી કરાઈ અટકાયત



અમરેલી, તા. ૧૨

અમરેલીમાં રહેતા એક યુવકે આજથી દોઢેક વર્ષ પહેલા આરોપીઓ અલગ અલગ તારીખ, સમયે ગુન્હાહિત કાવતરૂં રચી યુવકને વિાસમાં લઈ, ભોળવી લગ્ન કરવાના બહાને રૂપિયા રૂપિયા ૪,૫૧,૪૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૫૪,૪૦૦ મેળવી લઈ આરોપી દિપીકાને પત્ની તરીકે યુવકના ઘરે મોકલી આપવા બાબતે ખોટા વાયદાઓ કરી યુવકના ઘરે પરત ન આવી યુવક સાથે વિાસઘાત કરેલ હતો. જે અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨)(એ) વિ. મુજબ ગુન્હો નોંધાયેલ હતો. આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વીએમ. કોલાદરાના સીધા સુપરવીઝન હેઠળ પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમે છેલ્લા સાત માસથી નાસતા ફરતા આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી મોરબી જિલ્લાના હળવદ ખાતે તપાસ તજવીજ કરી નાસતા ફરતા આરોપી જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ કાશીરામભાઈ પટેલને તા. ૧૧ના રોજ હળવદ તાલુકાના ગોકુળીયા ખાતેથી હસ્તગત કરી આગળ ની ઘટતી કાર્યવાહી કરવા સારૂ અમરેલી સિટી પોલીસ સ્ટેશનને સોંપી આપવા તજવીજ કરેલ છે.

### અમરેલી નજીક આવેલ

# જાળીયા ગામે આવેલ જિલ્લા બેન્કમાં તસ્કરે ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો

### સ્થાનિક પોલીસે અજાણ્યા તસ્કરની શોધખોળ આદરી

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાના જાળીયા ગામે આવેલ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની બ્રાંચમાં કોઈ અજાણ્યા ચોર શખ્સે દરવાજનું તાળું તોડી બેન્કમાં અંદર પ્રવેશ કરી ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. બેંકની બ્રાંચમાં ચોરીનો પ્રયાસની જાણ થતા જ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. આ બનાવ અંગે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

અમરેલી તાલુકાના જાળીયા ગામે પ્રાથમિક શાળા સામે જયંતિભાઈ પરષોત્તમભાઈ વાગડીયાના મકાનમાં છેલ્લા ૫ વર્ષથી અમરેલી જિલ્લા સહકારી બેંકની બ્રાંચ ભાડા પટે કાર્યરત છે. ગત ૧૦ જુલાઈના રાત્રી દરમિયાન બેંકના બિલ્ડીંગમાં દરવાજાનો નકુચો તોડી અને લોખંડની ગ્રીલનું તાળુ તોડી કોઈ અજાણ્યો શખ્સ અંદર પ્રવેશ્યો હતો.

બેંકની ઓફિસમાં ફાઈલોનો કબાટ ખુલ્લો હતો અને કેશીયરની બાજુમાં પડેલ કબાટ તોડવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. તેમ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની જાળીયા ગામે આવેલ બ્રાંચના મેનેજર ભદ્રેશ માલવીયાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું. જાળીયા બ્રાંચમાં ચોરીનો પ્રયાસનો ગુનો નોંધાતા એ.એસ.આઈ. મનિષભાઈ જોષી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે શાળાકીય ''સાહિત્ય અને કલા સ્પર્ધા''માં વિદ્યાર્થીઓએ ભાગ લીધો












અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ (ગુજરાતી મિશ્ર અંગ્રેજી માધ્યમ) તથા જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સનમાં 'સાહિત્ય અને કલા સ્પર્ધા ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ માધ્યમ અને વિષય ભાષાને આધારે વર્ગીકૃત કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓ એ ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા વકતૃત્વ સ્પર્ધા, સંગીત સ્પર્ધા (ગાયન વાદન), સુલેખન સ્પર્ધા સર્જનાત્મક કામગીરી એકપાત્ર અભિનય. ક્વીઝ સ્પર્ધા વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા અને સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સાહિત્ય અને કલાક ક્ષેત્રે આગળ વધારવા નિયમિત પ્રેક્ટિસ અને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી તેઓ તાલુકા કક્ષા જિલ્લા કક્ષા તેમજ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ભાગ લઈ શકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા વિદ્યાર્થીઓને સાહિત્ય અને કલા માટે સંસ્થામાં અલગ અલગ સુવિધાઓ ઉભી કરી બાળકોને સર્વાંગી શિક્ષણ એટલે કે શ્રેષ્ઠ અભ્યાસ સાથે બાળકોની સુષુપ્ત શક્તિઓ જાગૃત કરી શ્રેષ્ઠ ઘડતર કરવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે સાહિત્ય અને કલાસ્પર્ધા યોજાય તમામ બાળકોએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક ભાગ લીધો જેમાં સંસ્થાના મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પ્રિન્સિપાલો, સંગીત અને કલા સાથે જોડાયેલા શિક્ષકો દ્વારા ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે બદલ સંસ્થાના પ્રમુખ એ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવેલ હતા.

### સાંસદ અને ધારાસભ્યને રજુઆત

# લીલીયા : તાલુકા પંચાયતનાં એસઓની બદલી બંધ રાખવા સરપંચોએ કરી માંગ

## બદલી બંધ ન રહેતો આંદોલનની ચીમકી



લીલીયા, તા. ૧૨

લીલીયામોટા તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા એસઓઆર.યુ. પઠાણની બદલી લાઠી ખાતે થતા બદલી અટકાવવા બાબત સર્કિટ હાઉસ લીલીયા ખાતે તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખની આગેવાનીમાં તમામ ગામના સરપંચોની એક મીટીંગ બોલાવવામાં આવેલ. જેમાં તમામ સરપંચો દ્વારા આ બદલી અટકાવવા બાબત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ જિલ્લા વિકાસ અધિકારીને સામૂહિક પત્રો Whatsaapના માધ્યમથી પત્ર પાઠવેલ છે. જે પત્રમાં જણાવવામાં આવેલ કે આર.યુ. પઠાણ અધિક મદદનીશ ઈજનેર તાલુકા પંચાયત, લીલીયામાંથી બદલી લાઠી ખાતે થયેલ છે. ત્યારે જેઓની લીલીયા તાલુકા પંચાયતમાં તમામ કામ બાબતે કામગીરી સારી હોય અને તમામ સરપંચોના બિલ કોઈ ભેદભાવ વગર સમયસર કરી આપતા હોય લીલીયા તાલુકાના સરપંચોને એમના માટે કોઈ ફરિયાદ ન હોય જે ફરિયાદ થયેલ છે તે લીલીયા તાલુકાના સરપંચોને બદનામ કરવાના હેતુસર સરપંચોને જાણબાર થયેલ હોય. ત્યારે તમામ સરપંચોએ જણાવેલ છે કે આ બદલી અટકે જેથી અમારા કામો સમયસર થાય તેમજ સરકારની યોજનાના વિવિધ લાભો સમયસર આવા સારા અધિકારીના કારણે તમામ ગામોને મળતા રહે. જો આ બદલી રોકવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલન પણ કરવામાં આવશે. આવા સારા અધિકારીની બદલી એટલે ગ્રામ્ય વિસ્તારના વિકાસને રૂંધવાના પ્રયત્નો તે અમો સરપંચો સાખી નહી લઈએ તેવું સરપંચ એસોસિયેશનના પ્રમુખ મંજુલાબેન ભરતભાઈ ઠુંમર દ્વારા જણાવવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### બોટમાં ક્ષમતા કરતા વધુ મુસાફર અને સામાન ભરવા બાબતે

# જાગ્યા ત્યાંથી સવાર : શિયાળબેટનાં બોટ માલિક વિરૂધ્ધ સ્થાનિક પોલીસે ગુન્હો નોંધ્યો

## ઘણા સમયથી ઓવરલોડિંગ બોટની સમસ્યા હતી

અમરેલી, તા. ૧૨

જાફરાબાદ તાલુકાના શિયાળબેટથી પીપાવાવ પોર્ટ સુધી આવવા માટે માત્ર એક જ દરિયાઈ માર્ગ હોય. જેથી ૩૫ જેટલી બોટ દરરોજ મુસાફરોની હેરાફેરી કરે છે. પરંતુ નિયમોનું પાલન કોઈ કરતું ના હોય. ત્યારે બોટની ક્ષમતા કરતા વધુ માણસો બેસાડવામાં આવે છે. ઉપરાંત સામાન પણ વધુ પ્રમાણમાં લાદી દેવાતો હોય જેથી ઓવર વેઈટ થઈ જતાં ત્રણ દિવસ પહેલાં જ પીપાવાવ પોર્ટથી શિયાળબેટ વચ્ચે બોટ ઉંધી થઈ જવાથી ઘટના બની હતી. ત્યારે પોલીસે પણ જગ્યા ત્યાંથી સવાર સમજી હોય તેમ પોલીસ જાગી હતી. અને બે બોટ માલિકો સામે ગુનો નોંધ્યો હતો.

જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામે રામમંદિર વિસ્તારમાં રહેતા બીજલ પુનાભાઈ ધુધવાળા અને કેસર ઢીસાભાઈ શિયાળ સામે પોતાની બોટના માલસામાન ભરી વધારે પડતા માણસોને બેસાડીને દરિયામાં ચલાવવા મુદ્દે ગુનો નોંધવામાં આવ્યો હતો.

### થોડા દિવસો પહેલા બાઈક પર પસાર થતાં હોય ખૂંટિયા સાથે અથડાયા હતા

# બાબરાનાં આશાસ્પદ વેપારી પ્રકાશભાઈ પોંકિયાનું માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બન્યા બાદ નિધન થયું

## સદ્ગતની અંતિમયાત્રામાં રાજકીય, સામાજિક અને વેપારી અગ્રણી જોડાયા

બાબરા, તા. ૧૨

બાબરામાં પોંકિયા એગ્રોના પ્રકાશભાઈ જયસુખભાઈ પોંકિયા (ઉ.વ. ૩૪) નું થોડા દિવસો પહેલા અહીં રાજકોટ રોડ પર ખુંટિયા સાથે બાઈક અથડતા ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં પ્રકાશને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક અસરથી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી અમદાવાદ વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા હતા. પણ સારવાર વધુ કારગત નહિ નિવડતા તેમનું શુક્રવારે સવારે નિધન થયું. બપોરના સમયે તેમની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં એગ્રોના વેપારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને મિત્રો અને મોટી સંખ્યામાં પટેલ સમાજના લોકો જોડાયા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કરી પોંકિયા પરિવારને સાંત્વના પાઠવી હતી.



પ્રકાશ પોંકિયાએ ખુબ જ નાની ઉંમરે માર્ગ અકસ્માતમાં જિંદગી ગુમાવતા બહોળો ચાહક વર્ગ અને મિત્ર વર્ગમાં ઊંડા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેઓ પોતાની પાછળ એક પુત્ર અને પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે.

શનિવારે તેમના બેસણામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, નાગરિક બેન્કના ચેરમેન હસુભાઈ પોપટ સહિતના સ્થાનિક ભાજપના અગ્રણીઓ, સામાજિક અગ્રણીઓ, વેપારીઓ, પટેલ સમાજના અગ્રણીઓ અને સ્નેહીજનો જોડાયને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

પ્રકાસ પોંકિયા હસમુખા અને બહોળો મિત્ર વર્ગ ધરાવતા બાબરા ખાદી મિત્ર સર્કલના સૌના લાડીલા અને સૌથી નાના મિત્ર હતા. તેમના નિધન પર ખાદીમિત્ર સર્કલના તમામ મિત્રોએ ઊંડા શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# લીલીયા મોટાનાં સરકારી તબીબ ડો. તોમરનું આજે સન્માન કરાશે



લીલીયા, તા. ૧૨

લીલીયાના ડોકટર તોમારનું વય નિવૃતિ સન્માન તારીખ ૧૩ના રોજ યોજાશે શહેરની સામાજિક શૈક્ષણિક સહકારી સંસ્થાઓ અને વિવિધ જ્ઞાતિ સંગઠનો ધ્વારા ડોકટર તોમરનું સન્માન કરાશે. લીલીયા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પાછલા ૩૦ વર્ષથી ફરજ બજાવતા સેવાભાવી ડોકટર લક્ષ્મણસિંહ તોમર વય મર્યાદાના કારણે નિવૃત થતા શહેરની વિવિધ સંસ્થાઓએ મળી શાંતાબેન કન્યા વિદ્યાલય ખાતે તારીખ ૧૩મી જુલાઈ રવિવાર બપોરે ૩ કલાકે સેવાનું સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વયનિવૃતિના કારણે નિવૃત થનાર સેવાભાવી ડોકટર લક્ષ્મણસિંહ તોમરનું શહેરની શૈક્ષણિક સામાજિક સહકારી સંસ્થાઓ સહિત વિવિધ જ્ઞાતિ સંગઠનો ધ્વારા ભવયાતી ભવ્ય સન્માન કરવાનું આયોજન આવેલ છે. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા વિવિધ સંસ્થાના અગ્રણી આગેવાનોએ રહેમત ઉઠાવી રહ્યા છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર TATA AIA LIFE INSURANCE ખુશ ખબર સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli



Hero
Destini 125
VIDA
નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

સ્વ. ડો. હિતેશ શાહની.....
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુદ્દનું ઓપરેશન
- એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭



MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ



ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
4 BHK
લોનેબલ ટાઇટલ કિલયર
21.9 X 42.8 ગ્રાઉન્ડ એરીયા
૧૭, એન્જલ-૨, લાઠી રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)



YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS
lord of the streets
1.35* ઓન રોડ
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight 135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



HONDA
JULY SPECIAL Offer
SHRIRAM Finance
Ex Showroom ₹ 68,889/-
Down Payment ₹ 3600/-
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹ 6500/-
Shine 100
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.


**પ્રકરણ.. ૨૪૩– ૧૯૬૪**

૧)રંગ એર નૂર કી સેગાત .કિસે પેશ કરૂ.. યે મુરાદો કી હસી રાત કિસે .
૨) નગમાં એર શેર કી સેગાત કિસે પેશ કરૂં, યે છલકતે હુવે ઝઝબાત .
૩)ઈશ્ક કી ગર્મી – એ ઝઝબાત કિસે પેશ કરૂ, યે સુલગતે હુવે દિન – રાત
૪) આજ કલ મે ઢ્લ ગયા , દિન હુવા તમામ , તું ભી સો જા , સો ગઈ ..
૫) રાધિકે , તુને બંસરી ચૂરાઈ.. બંસરી ચૂરાઈ કયાં તેરે મન આયી..
૬) ગોરી ચલો ના હંસ કી ચાલ ઝમાના દુશ્મન હે ..તેરી ઉમર હે સોલા
૭) અગર તેરી જલવા – નુમાઈ ન હોતી.. ખુદા કી કસમ યે ખુદાઈ ના

પ્રિય વાચક મિત્રો,

રફી સાહેબ, લતા જી, આશાજી, અને સુમન જીના કંઠના આ ગીતો તો યાદ જ હશે ? આ ગીત અને સંગીત સાથેની ફિલ્મ, અને ભારતની એવી ફિલ્મ જે વિશ્વની તે સમયે એક માત્ર ફિલ્મ હતી અને ગ્રીનીચ બૂકમાં જેની નોંધ છે, તેવી ફિલ્મની વાત આજે કરીશું.


પતિ –પત્નીના મધુર સંબંધોમાં કયારેક નાની નાની રકઝકએ વધુ પ્રેમ આપતું ઝરણું સાબિત થાય છે, પણ આ રકઝક ઉગ્ર સ્વરૂપ લઈ લેશે તો અલગતા નિશ્ચિત હોય છે, લગ્ન જીવન તૂટવાના ઘણા કારણો હોય છે, જેમ કે, ઘર કંકાશ, વૈચારિક મતભેદ, ક્યારેક બન્ને માથી કોઈ એક




દ્વારાના લેવાતી સંભાળ, અને ખાસ મજબૂત કારણ છે, અનૈતિક સંબંધો. અનૈતિક સંબંધો ભૂતકાળથી ચાલ્યા આવતા હોય તેવું પણ હોય શકે અથવા બન્ને સાથીમાંથી કોઈ એકને શારીરિક કે માનસિક અભાવ અનૈતિક સંબંધો તરફ ખેચી જાય છે. અનૈતિક સંબંધોને પ્રેમ જેવુ પ્રેમના નામને બદનામ કરતું નામ અપાયું છે. પણ પ્રેમ સાંત્વિક હોય કે વાસના પ્રેરિત, બન્ને પ્રેમ દ્વારા ઘર બની શકતું નથી. ઘર માટે દંપતી હોવું જરૂરી છે, ઘરમાં યાદો સમાયેલી હોય છે, પતિ પત્નીના મધુર સહવાસની, નાની નાની રકઝકોની, એકબીજાની રખાતી સંભાળની, બાળકો ની ધિંગા મસ્તી, અરે.. અઢળક યાદો ઘરમાં છુપાયેલી હોય છે, પણ તે યાદો કોઈ એક પાત્ર ની ગેરહાજરી માં જ બહાર નીકળે છે, હસાવે છે, રડાવે છે, તડપાવે છે. આવી કહાની પરથી સુનિલ દતના પેહલા નિર્દેશન અને નિર્માણમાં, આ ફિલ્મ આવી જેનું નામ છે.. યાદે..યાદે સુનિલ દતના નિર્માણ નિર્દેશન અને અખતર ઉલ ઈમાનના સંવાદ, લેખન, એસ રામચંદરની સિનેમા ઓટો ગ્રાફી, વસંત દેસાઈના સંગીત અને લતાજીના સ્વરના ગીત સાથે આ ફિલ્મમાં એક જ અભિનેતા છે, જી હા.. ઓન્લી એન્ડ ઓન્લી સુનિલ દત. વિશ્વની આ પ્રથમ એક પાત્રિય અભિનયની ફિલ્મ બની, ગ્રીનીચ બુક ઓફ વર્લ્ડમાં આ ફિલ્મને સ્થાન મળ્યું છે. નેશનલ ફિલ્મ એવાર્ડ વિજેતા આ ફિલ્મમાં એક દ્રશ્યમાં નરગિસ પડછાયા સ્વરૂપે દેખાય છે, અને બાકી ચિત્રમાં દેખાય છે, રાજ કુમાર, રાજેન્દ્ર નાથ, ઝહિદા, અનવર હુસેન, કરણ દીવાન, શમ્મી, મનોરમા, પ્રેમ ચોપરા, બેબી ફરિદાના સ્વરનો અહી ઉપયોગ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં પતિ – પત્ની ના ઝગડા, અનૈતિક સંબંધોના આરોપ, બાળકોના માતા પિતાના ઝગડાથી ગભરાઈ થતાં ચિત્કાર, પતિનો પત્ની પર અને પત્નીનો પતિ પર ગુસ્સો, પ્રણય, લગ્ન, બાળકોના જન્મ, પાર્ટી સહિત ઘણા પ્રસંગો અહી ચિત્રિત કરવામાં આવ્યા છે, અને સુનિલ દતનો અભિનય એટલો અસરકારક છે, કે દર્શકોને ખ્યાલ જ નથી આવતો કે તેઓ માત્ર એક જ કલાકારને પરદે જોઈ રહ્યા છે. કથા એવી છે કે, એક યુવાન ઘર આવે છે, ત્યારે તેની પત્ની અને બાળકોને ઘર માં જોવા ના મળતા તેને પત્ની સાથે ના ઝગડાની યાદ આવે છે, સાથે તેની સાથેની પ્રથમ મુલાકાત, પ્રણય, લગ્ન, બાળકો, બાળકોની ધિંગા મસ્તી, પત્ની દ્વારા લેવાતી તેની સંભાળ બધુ જ યાદ આવે છે, તેને એમ થાય છે કે, તેના ગુસ્સાના લીધે તેની પત્ની બાળકો સાથે તેને છોડી જતી રહી છે, અને આતેના ગુસ્સાના લીધે થયું છે, તેથી તે આત્મ

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

હત્યા કરવા જાય છે, પણ ત્યારે જ તેની પત્ની ત્યાં આવી જાય છે, મનના સમાધાન થાય છે, બાળકોના અવાઝ થી ઘર ખુશીઓથી ભરાય જાય છે .દરેક પતિ–પત્ની એ ખાસ જોવા અને સમજવા જેવી આ ફિલ્મ છે, ગુસ્સામાં માણસ શેતાન બની જાય છે, પણ ગુસ્સાથી જો કોઈ એક પાત્રને ગુમાવી દેવામાં આવે તો ? રહી જાય છે, માત્રને માત્ર યાદો .. અને એ યાદો જીવલેણ સાબિત થાય છે. તેથી દંપતીએ નાની રકઝકને મોટું સ્વરૂપ કદીના આપવું જોઈએ તેવો સંદેશ આ ફિલ્મ આપે છે. આ ફિલ્મ વર્લ્ડની એક માત્ર ફિલ્મ હતી જેમાં કોઈ એક જ કલાકારનો અભિનય હતો, ( જે ફિલ્મમાં પણ લખેલ આવે છે ) અને આ ફિલ્મ ગ્રીનીચ બુક ઓફ વર્લ્ડમાં પણ આવી છતા આ ફિલ્મ ઓસ્કાર સુધી પહોચીના હતી. જે ભારત પ્રત્યેનું વિદેશીઓનું વલણ દર્શાવે છે. સુનિલ નિર્દેશનમાં થોડી ભૂલ કરી ગયા છે, અનૈતિક સંબંધો ના લીધે પતિ પત્નીના અણબનાવને અંત માં કોઈ સમાધાન પૂર્ણ સ્થાન નથી. આ ફિલ્મ સફળના રહી. પણ સુનિલ દતના અફલાતૂન અભિનય અને વર્લ્ડ લેવેલે યાદગાર ફિલ્મ સ્વરૂપે આ ફિલ્મને યાદ કરાય છે.બેટી બેટે ગત અંક માં આ ફિલ્મના વિષે થોડી વાત થઈ હતી. સુનિલ દત, જમુના, બી સરોજા દેવી, રાજેન્દ્ર નાથ, શોભા ખોટે. રણધીર, દુલારી, બેબી ફરિદા, સુદેશ કુમાર, મેહમુદ અને જયંતથી અભિનીત આ ફિલ્મ બચપણમાં વિખૂટા પડેલ ભાઈ બહેન અને પરિવાર ફિલ્મના અંત માં મળે છે, તેવી કહાની પર આધારિત છે, ૧૯૭૦ના દસકમાં વિલન અને બદલો આવી કથામાં સામેલ થશે, પણ અહી કુદરતના કહેરના લીધે પરિવાર વિખૂટો પડે છે. કથા ટૂંકમાં જોઈએ તો, જયંત તેના ત્રણ બાળકો




એક પુત્રી, બે નાના પુત્રોને તેની પત્નીની ગેરહાજરીમાં ગરીબીમાં ઉછેરી રહ્યો છે, તે એક અકસ્માતમાં અંધ થઈ જાય છે, અને હવે તેના સંતાનોનું પાલન નહીં કરી શકે તેવું માની તેમને છોડી જતો રહે છે, મોટી પુત્રી લક્ષ્મી એટલે કે (જમુના) બન્ને ભાઈઓને લઈ ટ્રેનમાં મુસાફરી કરે છે, તેમાં રામુ ( સુનિલ) તેનાથી વિખૂટો પડે છે, લક્ષ્મી એક ધનવાન પરિવારમાં નાની વયે કામ કરે છે, તે પરિવારનો પુત્ર મધુ ( સુદેશ ) તેને ચાહે છે, સુદેશના ફોટોનો ચેન સુદેશ નાના બાળક મુન્ના ( મેહમુદ )ને પહેરાવે છે, અને ચોર મુન્નને ઉપાડી જાય છે, આમ ત્રણે ભાઈ બહેન વિખૂટા પડે છે, સમય જતાં રામુ એક ગાયક બને છે, તે સરોજ (સરોજા દેવી )ને ચાહે છે, મુન્ના એક ચોર છે, પણ હવે ઈમાનદાર વ્યક્તિ બને છે, તે શોભાને ચાહે છે, મુન્નાની ઓળખ માટે ફોટો વાળો ચેન છે, જયારે રામુને માત્ર તેની બહેનના સ્વરનું હાલરડું જ યાદ છે, તે હમેશા ગાતો રહે છે, મન્ના લક્ષ્મીની આબરૂ બચાવે છે, અને બન્નાભાઈ બહેનનું મિલન થાય છે, રામુ એક દિવસે લક્ષ્મીને હાલરડું ગાતા સાંભળે છે, અને તેનું પણ બહેન સાથે મિલન થાય છે, ત્રણે ભાઈ બહેનના લગ્ન તેના જ ગમતા સાથીઓ સાથે થાય છે, ત્યારે જયંત પણ ત્યાં પહોચે છે, અને આમ પરિવારનું મિલન થાય છે. આ કહાની અને રફી સાહેબના ગીતો દર્શકોને પસંદ આવ્યા, ફિલ્મ સફળ રહી. મેહમુદ અને શોભા ખોટે ફિલ્મમાં છવાયેલા રહે છે, આ જોડી પરનું ગીત, ગોરી ચલોના હંસ કી ચાલ ઝમાના દુશ્મન હે લોકપ્રિય ગીતમાં આવે છે, સુમન જી સાથે રફી સાહેબનું યાદગાર ગીત અગર તેરી જલવા – નુમાઈના હોતી, અને રાધિકે તુને બંસરી ચૂરાઈ, તથા લતા જી અને રફી સાહેબ ના અલગ અલગ સ્વરમાં આજ કલ મે ઢ્લ ગયા.. ગીત પણ લોકપ્રિય ગીતોની યાદી માં છે.ગઝલ વેદ મદનના નિર્દેશન અને નિર્માણ માં, સાહિર લૂધ્યાનવી ના લખેલ ગીત અને ગઝલ મદન મોહનના યાદગાર સંગીત સાથે, આ ફિલ્મમાં સુનિલ દત, મીના કુમારી, રેહમાન, નાઝીમાં, રાજેન્દ્ર નાથ, રાજ મેહરાં, મીનું મુમતાઝ, પ્રતિમા દેવી અને પૃથ્વી રાજ કપૂરે કામ કર્યું હતું. ફિલ્મ મુસ્લિમ પરિવાર સાથે જોડાયેલ પ્રણય ત્રિકોણ કહાની છે, સુનિલ એક શાયર છે, તે મીનાને શાયરી દ્વારા એટલે કે તેના અવાઝ દ્વારા જાણે છે, મુસ્લિમ પરિવારમાં બુરખા પ્રથા હોવાથી સુનિલે મીનાને જોઈ નથી. પણ એક દિવસ બન્ને પ્રેમીઓ એકબીજા ને મળે છે, પણ મીનાના પિતા પૃથ્વી રાજને મીનાના લગ્ન રેહમાન સાથે કરવા છે, રેહમાન એક ડરપોક યુવાન સાબિત થતાં, પૃથ્વી તેની પુત્રી માટે નીડર યુવાન સુનિલને પસંદ કરે છે. ફિલ્મ માત્રને માત્ર સાહિરની કલમ અને એક ગીતનું મુખડું કીસે પેશ કરૂં આ શબ્દ ત્રણ ગીતમાં લેવામાં આવ્યો છે, ત્રણે ગીત કાફી રાગ પર આધારિત છે, લતાજીના સ્વરમાં નગમાં આ શેર કી સેગાત કીસે પેશ કરૂ, રફી સાહેબના સ્વરમાં હેપ્પી સોંગ ઈશ્ક કી ગર્મી એ ઝઝબાત કીસે પેશ કરૂ, અને રફી સાહેબના સ્વરમાં, રંગ એર નૂર કી બારાત કીસે પેશ કરૂં.ગીત એક જ ફિલ્મમાં સામેલ છે. આ ગીત જ આ ફિલ્મનું આકર્ષણ છે. તેના લીધે જ ફિલ્મ યાદ કરાય છે. આગામી અંકમાં દિલિપ કુમાર, રાજ કપૂર અને દેવ સાહેબની ફિલ્મો સાથે મળીશું. આભાર હિતેશ જોશી.

# * વસુંધરાનું અમૃતં *

પ્રવર્તમાન વાતાવરણમા વિવિધ રોગોથી પીડાતો માણસ વિવિધ ચીકીત્સા પધ્ધતીને અપનાવતા,નવી નવી દવાઓના પ્રયોગના કારણે તેની આડ અસરથી વધારે પીડાતો થયો છે, ઉપરાંત નવા–નવા રોગોનુંપ્રમાણ વધતુંજતુંહોવાથી અત્યારે આ યુગ પરિવર્તનના સમયમા જરૂર છે આયુર્વેદના કુદરતે બક્ષેલા ઊંડા જ્ઞાનને પામવાની, તેમાં રહેલા ગુઢ રહસ્યોને હાલના વીજ્ઞાનની એરણે ચડાવીને તેના સુંદર અને આશ્વર્યજનક પરિણામોને પારખવાની, કુદરતી શક્તિઓનો અનુભવ કરવાની અને આયુર્વેદના જ્ઞાનનું અંગત જીવનના આરોગ્ય માટે વ્યવહારિક માર્ગદર્શન આપવાની જરૂર છે ઉતમ અને પરોપકારી એવા આંગણામાં જ પ્રાપ્ય આયુર્વેદના કુદરતી ખજાનાને લોકભાગ્ય બનાવવાની!

આજના ઔધોગિકરણ અને ટેકનોલોજીના યુગમાં મનુષ્યનો વનસ્પતી પ્રત્યેનો સંપર્ક અને લગાવ ઘટતો ગયો છે કુદરતને ખોળે ઉછરેલો માનવી કુદરતથી વિમુખ થતો રહ્યો છે, પરિણામે આરોગ્ય પર ખતરો ઉભો થયો.પર્યાવરણમા અસમતુલા વધી છે.ખરેખરતો માનવીના વર્તમાન સુખ સમૃદ્ધિ અને સ્વાસ્થ્યમા વનસ્પતિનું યોગદાન સર્વાધિક છે. વનસ્પતિનું એક એક અંગ સદુપયોગી છે. તેના ઉપયોગથી માનવી સુખી, સમૃદ્ધ અને નીરોગી જીવન માણી શકે. છે. વનસ્પતિને તરછોડીને માનવી આજે રોગની ખીણમાં ગરકાવ થતો જાય છે, ત્યારે અફસોસએ વાતનો છે કે આવી લાભદાયી વનસ્પતિઓને આપણે ભૂલી રહ્યા છીએ.

આમ, ભારતીય સંસ્કૃતિનો અમુલ્ય વારસો આજે જયારે લુપ્ત થઈ રહ્યો છે, ત્યારે વનસ્પતિઓ પર પ્રેમ રાખીને, જીજ્ઞાસા કેળવીને તથા તેના અદમ્ય ગુણધર્મો અનેઉપયોગો જાણી લેવામાંઆવેતો અનેકગણો આર્થિક લાભ તો થાય જ, પરંતુજીવન જીવવાની ઉમદા રીતથી જીવન શાંતિમય અને સ્વાસ્થ્યપ્રદ બનશે. જીવનમાં ઉમદા કાર્યોની મહેક પણ પ્રસરશે.

આયુર્વેદ એટલે માત્ર દવાઓનું જ શાસ્ત્ર કે વિજ્ઞાન નહિ, એ તો છે માનવજીવનના સર્વાંગી વિકાસ માટેનુંવિશિષ્ટ જીવન શાસ્ત્ર ! આ શાસ્ત્રમા સમગ્ર જીવંત સૃષ્ટિને ધબકતી રાખવાની, જીવનને એક નવી દ્રષ્ટિ આપવાની; વિશ્વનુંકલ્યાણ કરવાની અને નવજીવન બક્ષવાની અભ્દુત ક્ષમતા અનેશક્તિ સમાયેલી છે;

આપણા ઘર આંગણે અને આપણી આસપાસ ઉગતી વનસ્પતિ અને આપણીપ્રકૃતિ સમાન હોય છે તેનો જોનિયમિત ઉપયોગ કરવામાંઆવેતો ગમેતેવી મહામારીનાં સમયમા પણ આપણે સ્વસ્થ અને આરોગ્યપ્રદ જીવન જીવી શકીએ છીએ.. આવી અમૃતતુલ્ય વનસ્પતિને ઓળખીએ, જેનો નિયમિત ઉપયોગ કરવાથી આપણી પાચનશક્તિ સુધરે, રોગપ્રતિકારક શક્તિ વધે અને શરીર ઉર્જાવાન બને..




**(૧) તુલસી :–** ભારતમાં તુલસીનો છોડ સર્વત્ર થાય છે, તુલસી પુષ્પવર્ગ અને પોતાના જ કુળની દિવ્ય વનસ્પતિ છે, તેની સફેદ (રામ) અને શ્યામ (કૃષ્ણ) એવી બે ખાસ જાતો થાય છે, સફેદ અને કાળી એક સરખી છે છતાં કાળી તુલશી વધુ પ્રભાવશાળી છે. સફેદ – તુલસી – ગરમ, હળવી, લુખી, તીખી, કડવી, ઉષ્ણવીર્ય, પરસેવો જન્માવનાર, પાચક અને બાળકોના કફ – શરદી વિકારો મટાડે છે. કાળી – સ્નિગ્ધ, કફ કાઢનાર, ખાસ તાવ નાશક છે. બંને તુલસી પીતવર્ધક, કફ – વાત શામક, ભુખ તથા પાચન વર્ધક, વાયુની સવળી ગતીકર્તા, હૃદયને ઉતેજક, રક્તશોધક, પરસેવો જન્માવનાર તથા, રક્તવિકાર, તાવ, કો, કૃમી, ઉલટી, ઝાડા, અજીર્ણ, ખાસી, શ્વાસ, રાઝણ અને કેન્સર રોગનાશક છે. તુલસીના પાન તેમજ માંજરમાંએક લવિંગ જેવુંઉડનશીલ તેલ ૦.૧ થી ૦.૩ % પ્રાપ્ત થાય છે તેમજ ફેનોલ ૪૫ % થી ૭૬ %, અલ્ડીહાઈડ ૧૫ % થી ૨૫ % હોય છે. તેના બિજોમાં એક સ્થિર તેલ ૧૭.૮ % નીકળે છે. તેના છોડમાં ક્ષાર, ગ્લાઈકોસાઈડ,

**ટેનિન રહેલ હોય છે :** પાંદડામાં એસ્કાર્બીક એસિડ તથા કેરોટીન રહેલું હોય છે. આપણે તુલસીકયારે સવાર – સાંજ ઘી નો દીવો કરીએ છીએ તે પણ ધાર્મિક નહિ પણ વૈજ્ઞાનિક કારણ છે, ભારતીય સંસ્કૃતિમાં કોઈપણ રીતિ – રિવાજો પાછળ સામાજિક આરોગ્ય અને સમાજ વ્યવસ્થાનો હેતુ છુપાયેલો હોય છે સવાર – સાંજ વાતાવરણમાં જીવાણુનો પ્રકોપ વધી જાય છે આવા સમયે જો દીવો કરવામાં આવે તો તુલસીનાં પાન અને માંજરમાં રહેલું ઉડનશીલ તેલ દીવાનાં તાપ થી વાતાવરણમાં ફેલાય છે અને જીવાણુંનો નાશ કરે છે આની સાથે વાતાવરણમાં એવા કેટલાય સુક્ષ્મ જીવો હોય છે જે વાતાવરણને શુદ્ધ કરતા હોય છે, તુલસીના ઉડનશીલ તેલ અને ઘી થી તેનું પોષણ થાય છે આમ તુલસી કયારે સવાર – સાંજ થતો દીવો વાતાવરણને શુદ્ધ રાખવામાં ખુબજ અગત્યની ભૂમિકા ભજવે છે, તુલસી વિષાણું (વાયરસ) નાશક છે, હાલનાં સંજોગોમાં કોરોનાથી બચવા રોજ તાજા ૨૦ તુલસીનાં પાન ચાવી જવા જોઈએ..

**ગળો :–** આપણે ત્યાં એવી લોક વાયકા છે કે ભગવાન રામ અને રાવણનું યુદ્ધ થયું ત્યારે વાનર સૌનામાંથી ઘણા વાનરો મૃત્યુ પામ્યા આ વાનરોને જીવિત કરવા ભગવાન રામે અમૃત વર્ષા કરાવી અને તેના ટીપાં ધરતી ઉપર જયાં પડયા ત્યાં ગળો સ્વરૂપે ઉગ્યા એટલે ગળ ોને અમૃતા પણ કહેવામાં આવે છે.

ભારત સરકારનાં આયુષ મંત્રાલય દ્વારા કોરોનાનાં સંક્રમણને રોકવા, સુચવેલ સંશમની વટી (ગળો ઘનવટી)નું મુખ્ય દ્રવ્ય પણ ગળો છે.

**ગળો–વેલ ભારતમાં પ્રાય:** સર્વત્ર થાય છે. તે ખાસ ભારતીય વનસ્પતિ છે. જે વૃક્ષ કે ખડકના આશ્રયે ઉંચે ચડે છે. તેની ડાંડી (કાંડ) ટચલી આંગળથી માંડી, અંગુઠા જેવી જાડી થાય છે. તેમાં વચ્ચે દોરા જેવા મૂળ નીકળ ીને નીચે ઝૂલતા રહે છે, જે વૃક્ષો કે ખડકો કે જમીનમાં પ્રવેશીને બીજી વેલ પેદા કરે છે. ગળોમાંથી તેનું સફેદ રંગનું સત્વ કઢાય છે. જે 'ગળોસત્વ' કહેવાય છે. કડવા લીમડા ઉપર થનારી ગળો બધામાં ઉતમ ગણાય છે. ગળોના પાન હૃદય આકૃતિના હોઈ તેને અંગ્રેજીમાં 'હાર્ટલીવ્હડ મુનસીડ' નામ અપાયું છે. ગળોના વેલાને કાપીને અમુક સમય સુધી રાખી મુકીને ફરી વવાય, તો પણ તે ઉગી નીકળે તેવી અમૃત – જીવંત શક્તિ ધરાવે છે.ગળોના નાના ટુકડા કરી, તેનો રસ કાઢીને કે ટુકડાને પાણીમાં પલાળ ી હિમ કરીને લેવાય છે કે તેનું ચૂર્ણ કે સત્વ વપરાય છે ગળો અનેક રોગનાશક અમૃત સમાન ગુણકારી છે. તે સ્વાદે તુરી – કડવી – તીખી, પચ્ચેથી મધુર છે, ગળોનો મુખ્ય ઉપયોગ જીર્ણ તાવ, વાત રક્ત (ગાઉટ), ડાયાબિટીસ, ચામડીના રોગો અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા થાય છે, આયુર્વેદમાં ગળોને રસાયન વર્ગમાં ગણવામાં આવે છે, જેનો નિયમિત ઉપયોગ કરવાથી સ્વાસ્થ્ય જળવાઈ રહે છે.

ગળોમાં બર્બેરિન તેમજ અન્ય ક્ષારો તથા તિક્ત ગ્લુકોસાઈડ તેમજ ઉડનશીલ તેલ પ્રાપ્ત થાય છે.

**આદુ – સુંઠ :–** ભારતમાં સર્વત્ર થાય છે. ખાસ કરીને ગરમપ્રદેશમાં રેતી અને પાણીવાળી જમીનમાં વધુ થાય છે. મદ્રાસ કોચીન, ત્રાવણકોર, બંગાળ, પંજાબ, ઉતરપ્રદેશ, બિહાર અને ગુજરાતનાં સુરત – અમદાવાદ જિલ્લામાં જયાં બટેટા, મુળા, સક્કરિયા થાય છે ત્યાં આદુનું વાવેતર વધુ થાય છે.

આદુ તેના નાના ટુકડાથી, બટેટા ની જેમ જમીનમાં વવાય છે. ખાતર, પાણી અને સુર્ય પ્રકાશથી તેના છોડ વધીને એકથી દોઢ હાથ ઊંચા થાય છે. મૂ માં જે ગાંઠવાળા કંદ થાય છે, તે જ 'આદ' કહેવાય છે. તેના પાન વાંસનાં પાન જેવા પણ આકારમાં કંઈક નાના થાય છે. તેના પર બહુજ અલ્પ ફૂલ થાય છે. તેની ખેતી ચૈત્ર – વૈશાખમાં થાય છે અને આસો – કારતકમાં ખોદી કઢાય છે. આદુ રેસાવાળ ું અને રેસા વગરનું બે જાતનું છે. રેસા વગરનું આદુ ઉતમ છે. આદુને સુકવીને તેમાંથી સુંઠ બને છે.આદુ સ્વાદે તીખું અને મધુર, રસ અને પાકમાં ઠંડું, હૃદય અને કંઠને હિતકર, મળ ભેદનાર, જઠરાગ્ની વર્ધક, લુખું, રૂચિકર, વિર્યજનક પાચક તથા સોજા, અરૂચિ, કફ, વાયુ, ખાંસી,શ્વાસ, આફરો, મળબંધ, ઉલટી, શૂળ, કંઠ – મસ્તક અને છાતીના રોગનાશક છે. તે હરસ, શરદી – વાયુ, સંધિવા અને જલોદર માં લાભપ્રદ છે.


**સુંઠ :–** આયુર્વેદમાં સુંઠને વિશ્વ ભૈષજ (વૈશ્વિક ઔષધ)ની ઉપમા આપવામાં આવી છે. આપણે ત્યાં બે બળ વાનો વચ્ચે લડાઈ થાય ત્યારે કોનીમા એ સવાશેર સુંઠ ખાધી છે ? તેવો પડકાર ફેકવામાં આવે છે, પણ કોની મા એ વિટામીનની ગોળીઓ ખાધી છે ? તેવો પડકાર ફેકવામાં આવતો નથી. તેનું કારણ છે કે જે સ્ત્રી સુવાવડ બાદ સુંઠનું સેવન કરે તેનું દૂધ પીનારૂં બાળક બળવાન બને છે.

ચરક સંહિતામાં લખ્યું છે કે સુંઠ રૂચિ કરનાર, દીપન અને મૈથુનશક્તિ વધારવા માટે શ્રેષ્ઠ છે. ભાવ પ્રકાશમાં લખ્યું છે કે સુંઠ આમવાત (સાંધાના દુખાવા)ને મટાડે છે. સુશ્રુતસંહિતામાં લખ્યું છે કે સુંઠ કફ તથા વાયુને હરનાર, વીર્યને વધારનાર અને જઠરાગ્નીને પ્રદીપ્ત કરનાર છે. વૈજ્ઞાનિકો એવા તારણ ઉપર આવ્યા છે કે કે કોરોનાનો વાયરસ શરીરમાં નાક કે મુખનાં માર્ગેથી ત્યાના Goblet અને Cillated સેલ (કોષો)નાં પ્રોટીનનો ઉપયોગ કરી શરીરમાં પ્રવેશે છે,નાક અને મુખમાં પ્રવેશ્યા પછી અંદાજે ૫ દિવસ ત્યાં જ રહે છે આ સમયમાં જો તેને શરીરમાં આગળ પ્રવેશતો રોકવામાં આવે તો આપણે કોરોનાથી બચી શકીશું, આ માટે મારા ગુરૂ અને જામનગર આયુર્વેદ કોલેજનાં પૂર્વ પ્રિન્સિપાલ ડો. હિતેષભાઈ જાની સાહેબે સુંઠનાં ઉપયોગથી કોરોનાના સંક્રમણને નાથવા સુંઠના સફળ પ્રયોગો કર્યા છે જેમાં જમ્યા પછી દિવસમાં બેવાર લગભગ ૧ ગ્રામ સુંઠજીભ પર રાખવાની હોય છે, સુંઠનો પાવડર જીભ પર માત્ર ૫ – ૭ મીનીટ રાખવાથી તે લાળ સાથે ભળી સમગ્ર મુખ અને કંઠ સુધી ફેલાયેલ લસીકા વાહિની દ્વારા તેના પ્રભાવથી આખું ગળું શુદ્ધ કરી નાખે છે. એ જ રીતે દિવસમાં ૧ વાર માંગના દાણા જેટલો સુંઠનો પાવડર સુંઘવાથી પણ સુંઠના ઉષ્ણ – તીક્ષ્ણ એવા બે વિશિષ્ઠ ગુણનાં લીધે નાકના મેમ્બ્રેબ દ્વારા તેનું શોષણ થઈ ચોટેલા કફને પીગળ ાવી બહાર કાઢે છે અને વાયરસના ઈન્ફેકશનને અંદર પ્રવેશતા અટકાવે છે, તબીબી વિજ્ઞાન પાસે એવી કોઈ દવા નથી જે પ્રવેશી ગયેલ વાયરસને બહાર કાઢી શકે. જે કોઈ એન્ટી વાયરલ દવાઓ છે તે આ વાયરસની વૃદ્ધિ અટકાવવા અને તેનાથી શરીરમાં થતા ડેમેજને અટકાવવા માટેની છે

# *આરોગ્યનું અનુશાસન છે..*

આજે મુખ્યત્વે વાત કરવી છે દેવશયની એકાદશીથી શરૂ થયેલા ચાતુર્માસની. હિન્દુ ધર્મ ઉપરાંત જૈન ધર્મમાં પણ ઘણું ધાર્મિક મહત્વ બતાવવામાં આવ્યું છે. આમ તો આપણા મોટાભાગના વ્રત,પરંપરા કે તહેવારો સાથે આસ્થા જોડાયેલી છે.તેનું આધ્યાત્મિક મૂલ્ય અને મહત્વ અનેરૂં છે પણ તેમ છતાં ઘણા બુદ્ધિજીવી લોકો આપણી આસ્થા ઉપર આંગળી ચીંધે, તેના પર પ્રશ્ન ઉઠાવતા જોઈએ ત્યારે એટલું કહેવાનું મન થાય કે દરેક બુદ્ધિજીવી લોકોને પ્રથમ તો એક વખત આસ્થા અને આધ્યાત્મને એક બાજુ મૂકીને પણ એ વ્રત, પરંપરા કે વિધિવિધાન પાછળ રહેલું તથ્ય અને સત્ય તપાસવું જોઈએ. માત્ર આધ્યાત્મિક દ્રષ્ટિ કોણથી નહીં જોતા તેને તાર્કિક કે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ એકવાર જોઈ લેવું જોઈએ. જેથી એમના પૂછેલા સવાલોના સચોટ જવાબ એમને મળી જાય.હમણાં જ દેવશયની એકાદશી પર કયાંક અમૂક લોકો દ્વારા એવા સવાલ પણ કરવામાં આવ્યા કે ? 'શું ભગવાનને પણ ઊંઘ આવે ! ? ' ત્યારે આવા લોકોને પોતાના સવાલોના સચોટ જવાબ મેળવવા જો ખરેખર એની જિજ્ઞાસા જ હોય તો એ જવાબ માટે આપણા શાસ્ત્રો સુધી પહોંચી તેનો ઊંડાણ

## અનુભૂતિના અક્ષરો
– નિધિ મહેતા "ખુશી" અમદાવાદ




પૂર્વક અભ્યાસ કરવો પડે અને બીજું કે જો આપણે આપણી આસ્થાનું સન્માન કરીએ છીએ, આદર કરીએ છીએ તો અન્યની આસ્થાનો પણ એટલો જ આદર કરવો જોઈએ.વાત ચાતુર્માસની કરીએ જે મુજબ દેવશયની એકાદશીથી ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિંદ્રા લે છે. જે અષાઢ સુદ એકાદશીથી કાર્તિક સુદ એકાદશી એટલે ( દેવઊઠી એકાદશી ) સુધી ચાલે છે અને આ ચાર માસના સમયગાળાને ચાતુર્માસ કહેવામાં આવે છે. એ દરમિયાન આવતા ચાર માસ એટલે અષાઢ, શ્રાવણ, ભાદરવોને આસો. (જે ગ્રેગરિયન કેલેન્ડર મુજબ જુલાઈ થી ઓકટોબર સુધીનો સમયગાળો હોય છે) આ દરમિયાન ચોમાસાની ઋતુ ચાલતી હોય જેના લીધે પૃથ્વી પર સૂર્યદેવનો પ્રકાશ ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે અથવા તો નહિવત હોય છે. તો આમ સૂર્યનારાયણની ગેરહાજરી એ પણ ઈશ્વરની ગેરહાજરીના પ્રતિક રૂપ છે. આ સમયમાં વાતાવરણમાં મોટા પ્રમાણમાં ભેજ હોય છે. વાતાવરણમાં થતા પરિવર્તન અનુસાર આપણી પાચનશક્તિ ખૂબ મંદ બને છે ત્યારે અયોગ્ય આહારથી બીમારી અને રોગચાળો વધી જતો હોય છે. આ જ સમયમાં વાતાવરણમાં ઘણા વાયરસ અને બીમારી ફેલાવતા બેકટેરિયા પણ હોય છે. આ વાતાવરણમાં ભારેને મસાલાવાળા ખોરાક પચવા મુશ્કેલ બને છે, પાણી પણ પ્રદૂષિત થતું હોય ત્યારે પાણીજન્ય બીમારી વધે છે. આ ચોમાસાની ઋતુમાં જ મોટાભાગે આવતા દરેક વ્રતો, વિધિવિધાનો અને ઉપવાસો એમાત્ર આસ્થાના અભિગમથી જ નહીં પણ આહારથી આરોગ્યનું અનુશાસન જાળવવા માટે પણ પ્રયોજવામાં આવ્યા છે.આ ઉત્તમ જીવનશૈલીના ઉમદા અભિગમ અને દીર્ઘ દષ્ટિકોણ મુજબ આયુર્વેદ અને આધ્યાત્મક બંને હાથ મિલાવીને કામ કરે છે. આ સમયગાળામાં ભગવાનની ગેરહાજરીમાં અમૂક પ્રકારના કાર્ય કરવાનાં નિષેધ છે. કારણ કે આ ઋતુમાં વાતાવરણ ખરાબ હોય, વરસાદ, વાવાઝોડા વગેરેનો ભય હોય ત્યારે બહારની અવરજવર ઘણી વખત જોખમી બને. આહારના અનુશાસનને ન જાળવી શકાય તો આરોગ્ય પર ખતરો ઊભો થાય. આ પ્રકારના અનેક કારણસર પણ આ ચાર માસ દરમિયાન માણસ સલામત સ્થળ પર રહી ઈશ્વરની આરાધના કરી શકે એવો ક્રમ યોજવામાં આવ્યો છે. જે અંતર્ગત હિન્દુ ધર્મમાં અનેક વ્રત છે અને જૈન ધર્મમાં પણ આ સમય દરમિયાન વિહાર પર પ્રતિબંધ રાખી જૈન મુનિઓ પણ એક સ્થળે રહી ભક્તિ કરે છે. આ ચાતુર્માસ દરમિયાન આવતા દરેક વ્રત, તહેવાર કે ઉપવાસનું પોતપોતાનું આધ્યાત્મિકતાની સાથે જ વૈજ્ઞાનિકને આયુર્વેદિક મહત્વ પણ છે. પરંતુ જે તે સમયે આપણા ઋષિમુનિઓએ પોતાના અમાપ ગહન જ્ઞાનથી બનાવેલી આ આહાર પદ્ધતિ કે આરોગ્ય માટેના અનુશાસનની શિસ્તબદ્ધ સમજણએ સમયના સમાજને ગળે ઊતારવી સહજ કે સરળ બને તેથી તેનું આધ્યાત્મ સાથે અનુસંધાન કરી તેને જુદા જુદા વ્રતના નિયમો તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યું અને એ અનુશાસનને સમાજે અપનાવ્યું. એ વ્રત, ઉપવાસના નિયમો પરંપરા રૂપે પેઢી દર પેઢી પોષાતા ગયા. પરંતુ આજની બૌદ્ધિક પેઢીને દરેક પ્રથા કે પરંપરા માટે પ્રશ્નો થાય અને તે તેના જવાબ માંગે જે યોગ્ય પણ છે. પણ ત્યારે એ દરેક પ્રશ્ન પૂછનારને તેના પ્રશ્નનો સત્ય અને તથ્ય સાથેનો સચોટ જવાબ આપવા જરૂરી છે.તો વ્રત કોઈપણ હોય એ આપણી આસ્થા તો છે જ છે અને એનું આધ્યાત્મિક મૂલ્ય પણ આપણે જાણીએ છીએ અને માનીએ છીએ. પણ તેમ છતાં હવે એક બીજી બાજુ એટલે કે એ દરેક કથા પાછળ ના તેના તાર્કિક, સામાજિક કે વૈજ્ઞાનિક મૂલ્ય પણ આપણે જાણવા જ જોઈએ. આપણી આવનારી પેઢીને એ આપવા જોઈએ. વળી આપણી આસ્થા પર આંગળ ી ચીંધનારા, એને અંધશ્રદ્ધામાં ખપાવી દેનારા કે એના વિશે આપણને ભ્રમિત કરી આપણને આપણી ઉત્તમ જીવનશૈલીને અનુરૂપ આ ધરોહરથી વિમુખ કરવા પ્રયત્ન કરનારા લોકોને તેનો તાર્કિક સત્ય સાથેનો જવાબ આપી શકાય... આપણા માટે ઉત્તમ અને અમૂલ્ય વારસો આપી જનારાં આપણા દીર્ઘદષ્ટિ ધરાવતા ઋષિઓની અમાપ પ્રજ્ઞાનો પરિચય કરાવી શકાય અને સવાલોના સમાધાન આપી શકાય. બીજી વખત આંગળી ચીંધી પ્રશ્ન કરનાર પણ એકવાર અભ્યાસ કરીને આવવાનું ઉચિત સમજે... બાકી આંગળી ચીંધે એને જવાબ ન મળે તો બની શકે કે તમારૂં મેન તેને તમારી પાસે જવાબ ન હોવાનું પ્રમાણ આપે અને પછીએ વારંવાર આંગળી તમારી આસ્થા પર ઊઠે... ત્યારે આપણી વાત માટે આપણે ઊભા રહેવું આવશ્યક બની જાય છે.

# *ચોમાસામાં આરોગ્યની સંભાળ રાખવા માટે આટલું કરો*

ચોમાસાની ઋતુંમાં પાચનશકિત મંદ પડે છે. તેથી પચવામાં હલકો ખોરાક લેવો મગ–ભાત, દાળ –ભાત, ખીચડી, સુંઠવાળી રાબ, મમરા, ઘાણી, શેકેલા પાઆ, ગલકા, તુરીયા, પરવળ, કારેલા, દુધી, મેથીની ભાજી, પાલખની ભાજી, તાંદળજાની ભાજી, લીલી હળદર ,આદુ જેવા શાકભાજી લેવા.બાફેલા/ ફણગાવેલા કઠોળમાંથી પ્રોટીન મળે છે. જે સામાન્ય રીતે પચવામાં ભારે હોય છે. આથી, ચોમાસામાં પાચનશકિત અનુકુળ આવે તે રીતે કઠોળ લેવા જોઈએ.

ચોમાસામાં વાસી ખોરાક, પચવામાં ભારે ખોરાક, મેદાના લોટમાંથી બનેલી વસ્તુઓ, આથાવાળ ી વસ્તુઓ, અથાણાં, પાપડ, દહીં, મઠો, આઈસ્કીમ, કોલ્ડ્રીકસ જેવી વસ્તુઓ ન ખાવી. ચોમાસામાં બજારુ વાસી ખોરાક લેવાનું ટાળવું જોઈએ અને સુપ, દાળ, છાશ અને ગરમ હર્બલ ટી જેવા પ્રવાહી પદાર્થોનું સેવન વધારે કરવું જોઈએ.ચોમાસામાં ઉકાળેલું પાણી પીવું જોઈએ. નદી અને તળાવમાં પાણી પીવું નહિ. ચોમાસામાં પાણીજન્ય રોગો જેવા કે ટાઈફોઈડ, મેલેરીયા, કમળો,

## ડો.સમીર ગઢીયા
( આયુર્વેદ નિષ્ણાંત )
રાજકોટ
મો.૯૪૨૭૩ ૩૫૮૨૯



જાડા–ઉલટી થવાનું જોખમ વધી જાય છે. આનાથી બચવા માટે ફિલ્ટર કરેલું અથવા ઉકાળેલું પાણી પીવું જોઈએ તથા પાણી સંગ્રહ કરવાના વાસણો નિયમિત અને વ્યવસ્થિત સાફ કરો.ચોમાસામાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગો સામાન્ય રીતે વધુ પ્રમાણમાં થાય છે. આનાથી બચવા માટે રાત્રે સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરી અને આખું શરીર ઢંકાય એવા કપડાં પહેરો. મચ્છરથી બચવા ઘરમાં લીબોળીના તેલનો દીવો કરવો. લીમડાના પાન, ગુગળ, ઘી, જવ, કપુરમાંથી શકય હોય તેટલી વસ્તુઓનો ધુપ કરવાથી ઘરમાં મચ્છર આવતા નથી અને ઘરમાં મચ્છર હોય તો તેનો નાશ થાય છે.ચોમાસામાં રોગપ્રતિકારક શકિત મજબુત કરવા માટે આદુ, તુલસી, કાળા મરી અને મધથી બનેલી હર્બલ ટીનું સેવન કરવું જોઈએ. આ ઋતુમાં સિંધવ, સંચળ, ઘી નો વિશેષ ઉપયોગ કરવો. યોગ્ય સમયે અને પુરતી ઊંઘ લેવાથી શરીરને સંપૂર્ણ આરામ મળે છે. જે સ્વાસ્થ્ય સુધારવામાં અને રોગોથી લડવાની ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે. દિવસે ઊંઘવું નહિ, રાત્રિજાગરણ ન કરવું. મળ, મુત્ર, ઉલ્ટી, છીંક, બગાસા જેવા કુદરતી વેગોને રોકવા નહિ. ઠંડા અને સીધા પવનથી બચવું, ભરપેટ જમવું નહિ. ખોરાક લેતા પહેલા હાથ ધોવા જોઈએ.ચોમાસામાં આપ સર્વને ઉતમ સ્વાસ્થ્યની હાર્દિક શુભેચ્છાઓ.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગુરુપૂર્ણિમાની શ્રધ્ધાપૂર્વક ઉજવણી






અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલય અમરેલીમાં આજરોજ ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની ખૂબ શ્રધ્ધા અને ભકિતપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પોતાના વ્હાલાં ગુરૂજનોનું કંકુ–ચોખાથી ચાંદલો કરી, નમસ્કાર કરી પૂજન કર્યુ હતું. વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધા દ્વારા ગુરૂ શિષ્યોના પ્રેમપૂર્ણ સંબંધોને યાદ કર્યા હતા. ભારતીય સંસ્કૃતિના મહાન આદર્શો ગુરૂશિષ્યોના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોને વાગોળ્યા હતા. જેવા કે ગુરૂદ્રોણ, અર્જુન, શંકરાચાર્ય, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, વિશ્વામીત્ર, રામ, સાંદિપની, કૃષ્ણ વગેરેના જીવન મુલ્યો અને આદર્શોને જીવનમાં ઉતારવા માટે પોતાના વકતૃત્વમાં યાદ કરવામાં આવ્યા હતા. આજનો દિવસ વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઉજવાય છે. વ્યાસજીએ વેદોનો વિસ્તાર કર્યો અને સરસ્વતીનું પૂજન કરી. ખરા અર્થમાં વિચાર પૂજનનો મહિમા સમજાવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમાના પ્રસંગે વકતૃત્વ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધા દ્વારા કરેલા પૂજનને પ્રોત્સાહન રૂપે ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિરાણી કુંજ, વિરાણી મિત, સાંગા અવિરાજ તેમજ ગલાણી ભાવેશ, ગેજરા સંકલ્પ અને ઝાપડા કમલેશને સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસીયા તેમજ સમગ્ર સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓને સુંદર કાર્યક્રમ દ્વારા ગુરૂપૂજન કરવા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

### સંવેદન ગૃપ અને રેડક્રોસ દ્વારા ચક્ષુદાન લેવાયુ

## બાબરાનાં પ્રૌઢનુ અવસાન થતા પરિવારજનોએ મૃતકનું ચક્ષુદાન કર્યુ

### પરિવારજનોએ અનુકરણીય કાર્ય કર્યુ



અમરેલી, તા. ૧૨

બાબરા ખાતે વસતાં સુંદરભાઈ પીઠાભાઈ મિયાત્રા (ઉં.વ. ૫૬)નું તા. ૧૦/૭/૨૫ ગુરૂવારના રોજ અવસાન થતાં તેમની અંતિમ ઈચ્છા અનુસાર તેમના ભાઈઓ બાબુભાઈ, કિશોરભાઈ તથા કાંતિભાઈ તેમજ પૂત્રો ભરતભાઈ, હિતેશભાઈ તથા જીતેન્દ્રભાઈ દ્વારા ચક્ષુદાન કરવામાં આવ્યું. તેમણે બાબરા આરોગ્ય કેન્દ્રના માપ્રયમથી અમરેલી જીલ્લા પંચાયતના ડો. જોષી તથા સેવાભાવી વિરાજસિંહ ઝાલાના માપ્રયમથી ચક્ષુદાન માટે અમરેલીજીલ્લામાંસેવારતસંસ્થાસંવેદન ગૃપનોસંપર્કકરીચક્ષુદાનલેવાજણાવેલ.

બાબરા રેફરલ હોસ્પિટલ ખાતેઆનેત્રદાનસ્વીકારવામાટેસંવેદન ગૃપનાંપ્રમુખવિપુલભટ્ટીસાથેઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસ, સૂરેશભાઈ ઠાકર તથાહોસ્પિટલનાસ્ટાફેસેવાઆપીહતી, મિયાત્રા પરિવારની સમયસરની જાગૃતિ બે અંધજનોના જીવનમાં રોશની લાવશે, તેમજ મૃત્યુ બાદ ચક્ષુદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડ્યું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યુંછે.

## ચલાલા ખાતે વય વંદના આયુષ્યમાન કાર્ડ કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ ધારાસભ્ય જે.વી. કાકડિયા, શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયાના માર્ગદર્શન મુજબ ચલાલા વોર્ડ નંબર ૧મા વયવંદના આયુષ્યમાન કાર્ડ કાઢવા માટેના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુ, ધારાસભ્ય જે.વી ભાઈ કાકડીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, ચલાલા નગરપાલિકા પ્રમુખ ભયલુભાઈ વાળા, ઉપપ્રમુખ પ્રવીણભાઈ માલવિયા, શહેર ભાજપ મહામંત્રી ચિરાગભાઈ માલવિયા, અશોકભાઈ ચૌહાણ, બીચ્છુંભાઈ માલા, હિંમતભાઈ દોંગા તેમજ નગરપાલિકાના સદસ્ય, શહેર ભાજપના આગેવાનો તેમજ પાર્ટીના કાર્યકતા ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય કસવાલાએ નિરીક્ષણ કર્યુ

## સાવરકુંડલામાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરીનો ધમધમાટ જોવા મળ્યો

### પોલીસ પરેડ ગ્રાઉન્ડ અને ક્રિકેટ ગ્રાઉન્ડની પણ મુલાકાત લીધી




સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા મહુવા રોડ પર નિર્માણ પામી રહેલા રેલવે ઓવરબ્રિજની કામગીરીનું નિરીક્ષણ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ કરી આ સાથે જ વૈકલ્પિક માર્ગ એવા સર્વિસ રોડને આરસીસી બનાવવાના કામમાં ગતિ લાવવા, ગુણવતા યુક્ત બનાવવા અને ક્યોરિંગ પિરિયડ પૂરો થયે માર્ગ જનતા માટે ખુલ્લો મુકવા સૂચન કર્યું. આ દરમિયાન શહેર ભાજપાના આગેવાનો, યુવા ટીમના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. તો સાવરકુંડલા મહુવા રોડ પર સ્પોર્ટ્સ સંકુલની બાજુમાં બની રહેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ અને ક્રિકેટ ગ્રાઉન્ડના ડેવલપમેન્ટ અને ગ્રીન કવચ માટે સ્થળ મુલાકાત પણ લીધી. આ તકે ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવેલ.

આ તકે એ.એસ.પી. વલય વૈદ, ફોરેસ્ટ ઓફિસર ભરતભાઈ ચાંદુ સહિત પોલીસ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ તથા નગરપાલિકા પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા

## બાબરાના પીપળીયા–વાવડી રોડનાં રૂા. ૫૦ લાખના ખર્ચે નિર્માણ થનારા માર્ગનું ખાતમુહૂર્ત

### માર્ગના નિર્માણથી ગ્રામજનોને અવરજવરમાં આવતા અવરોધો દૂર થશે




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા તાલુકાના ગમાપીપલીયા અને વાવડી માર્ગ નું રૂ ૫૦ ખર્ચે નિર્માણ થશે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા ભૂમિપૂજન કરી કામગીરી શરૂ કરાવી હતી અહીં માર્ગ બિસમાર બનતા લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીઓ ઉભી થતી સ્થાનિક અગ્રણી દ્વારા ધારાસભ્યને રજુઆત કરવામાં આવતા રાજય સરકાર માંથી માર્ગ મજૂર કરાવવા આવ્યા હતા આજે તેનું ખાત મૂહત થતાલોકોમાં રાહતની લાગણી જોવા મળી હતી ધારાસભ્ય દ્વારા જણાવ્યું હતું કે તાલુકાના દરેક ગામામાં રોડ રસ્તા બ્રિજ સહિતની કામગીરીને પ્રાથમિકતા આપવાંમાં આવશે ગમપીપલીયા વાવડી માર્ગ નવો બન્યા બાદ રાહદારીઓને પડતી મુશ્કેલીઓનો અંત આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ મહામંત્રી રાજેશભાઈ વિરોજા, વિહાભાઈ સરપંચ, વિનુભાઈ પાનસેરીયા, અનુભાઈ સરપંચ, ગજુભાઈ સરપંચ, કિરીટભાઈ બગડા, વાસુરભાઈ સરપંચ, ટીનાભાઈ કોલડીયા, મનસુખભાઈ કોલોડિયા, ભાનુભાઈ પાનસેરીયા તેમજ ભાજપના સ્થાનિક કાર્યકરો સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## રાજુલાઆઈ.ટી.આઈ. ખાતે તા. ૧૪ જુલાઇએ પ્રધાનમંત્રી એપ્રેન્ટિસશીપ મેળાનું આયોજન

અમરેલી, તા. ૧૨

રાજુલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે આગામી તા. ૧૪/૭/૨૫ને સોમવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પ્રધાનમંત્રી એપ્રેન્ટિસશીપ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. કોવાયા અલ્ટ્રાટેક સિમેન્ટ (ગુજરાત સિમેન્ટ વર્કસ) દ્વારા યોજવામાં આવનાર આ એપ્રેન્ટિસશીપ ભરતી મેળામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ભાગ લેવાની તક છે. આઈ.ટી.આઈ.માંથી ફિટર, ઈલેક્ટ્રિશિયન, વેલ્ડર, સુઈંગ ટેકનોલોજી, વાયરમેન, પ્લમ્બર, એઓસીપી, સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કોમ્પ્યુટર, કેમિકલમાં ડિપ્લોમા એન્જિ. કે મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કેમિકલમાં બીઈ/બીટેકના અભ્યાસની લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારો તથા ચાલુ વર્ષે પરીક્ષા આપી હોય કે પાસ આઉટ થયા હોય તેવા વિદ્યાર્થીઓ–તાલીમાર્થીઓ પણ ભાગ લઈ શકશે. ઉમેદવાર તરીકેનું રજિસ્ટ્રેશન www.apprenticeshipindia.gov.in પોર્ટલ પર કરવું આવશ્યક છે. વધુમાં વધુ તાલીમાર્થી–ઉમેદવારોને રજિસ્ટ્રેશન કરવા અને આ પ્રધાનમંત્રી એપ્રેન્ટિસશીપ મેળાનો લાભ લેવા રાજુલા આઈ.ટી.આઈ.ના આચાર્ય સી.એચ. જાનીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ખાતરનાં કારખાના શરૂ કરો

માટે ઉભી કરવી જરૂરી હોય અને ખૂબ જ લાંબા સમયથી આ બંને કંપનીઓનું એક્ષટેન્શન થયેલ ન હોય તેનો લાભ આ જિલ્લાને મળે તે અત્યારની જરૂરીયાત અને માંગ પ્રમાણે ખૂબ જરૂરી છે. દરેક ખેતરમાં બોર, કૂવા અને લાઈટ કનેશનો છે. ઓછામાં ઓછા બે પાક લેવાય છે. ત્યારે ખાતરના સ્ટોરેજ માટેના ગોડાઉન અને જીએસએફસી અને જીએનએફસીનાં નવા કારખાના થાય તો અમરેલી જિલ્લા અને સૌરાષ્ટ્રનો કાયમી પ્રશ્ન હલ થાય.

ઉપરાંત કેન્દ્ર સરકાર ધ્વારા પણ કેન્દ્ર સરકારની અંડરની કંપની આરસીએફ અથવા સહકારી ક્ષેત્રની ઈફકો કે કૃભકોની પણ ફેકટરી થાય અથવા આઈપીએલનાં સ્ટોરેજની પણ વ્યવસ્થા થાય તો ઉપરોકત કોઈ પણ ફેકટરીઓનું મેન્યુફેકચર અને સ્ટોરેજ થવું જરૂરી છે અને આ બાબતે વહેલો નિર્ણય લેવાય તો ભવિષ્યમાં ખેડૂતોની ખાતર અછતની મુશ્કેલી દૂર થાય તેમ છે. તો યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

### વૃક્ષારોપણ સહિતનાં કાર્યક્રમો દ્વારા

## બાબરાની પરિશ્રમ શાળામાં ગુરુપુર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી

### ગુરુને લગતા ચિત્રો પણ રજુ કરાયા




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા માં પરિશ્રમ સ્કૂલમાં આજ રોજ ગુઢપૂર્ણિમા પર્વની ઉજવણી અલગ રીતે કરવામાં આવી.

શાળા ના ટ્રસ્ટી શ્રી કલ્પેશ ભાઈ ભૂવા તથા આચાર્ય નરેન્દ્ર ભાઈ દાણીધારીયાના માર્ગદર્શન હેઠળ શાળામાં આજ રોજ બાળકો દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું તથા નાના ભૂલકાઓએ ગુઢ પૂર્ણિમા પર્વની લગતા અલગ અલગ ચિત્રો બનાવીને ગુઢ વંદના કરી, આ પાવન પર્વની ઉજવણી કરી પર્યાવરણ અને સંસ્કારોની જાળવણી કરી ને કરવામાં આવી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૫ | ૧૦૭૬ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૧૯૫ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૫૦૪ |
| ૫ | તલ સફેદ | ૧૩૧૦ | ૨૪૩૫ |
| ૬ | તલ કાળા | ૨૨૧૦ | ૪૧૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૩૮૦ |
| ૮ | જુવાર | ૭૪૦ | ૭૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૨ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૬ | ૫૪૭ |
| ૧૧ | મગ | ૧૧૫૦ | ૧૪૮૧ |
| ૧૨ | ચણા | ૧૦૩૨ | ૧૧૪૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૦૯૯ | ૧૧૨૪ |
| ૧૪ | તુવેર | ૧૦૪૫ | ૧૨૩૬ |
| ૧૫ | કપાસ | ૮૪૦ | ૧૬૮૫ |
| ૧૬ | એરંડા | ૯૧૧ | ૧૨૯૩ |
| ૧૭ | જીરૂ | ૨૦૨૫ | ૩૬૦૦ |
| ૧૮ | રાય | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૧૯ | ધાણા | ૭૦૦ | ૧૩૬૦ |
| ૨૦ | મેથી | ૭૪૦ | ૯૩૫ |
| ૨૧ | સોયાબીન | ૫૦૦ | ૮૦૨ |
| ૨૨ | કાંગ | ૪૭૫ | ૪૭૫ |
| ૨૩ | સુવાદાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૫ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૨૧ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૯૨ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૦ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૭૫૦ |
| ૮ | કપાસ | ૧૨૦૦ | – |
| ૯ | બાજરો | ૩૨૫ | ૫૦૫ |
| ૧૦ | જુવાર | ૩૦૦ | ૫૧૫ |
| ૧૧ | ચણા | ૧૦૩૦ | ૧૧૨૬ |
| ૧૨ | તુવેર | ૧૧૦૦ | ૧૩૪૩ |
| ૧૩ | રાય/રાયડ | ૯૦૦ | ૧૧૪૦ |
| ૧૪ | સોયાબીન | ૭૧૦ | ૭૬૭ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૫ |
| ૨ | ચણા | ૯૪૫ | ૯૪૫ |
| ૩ | મગ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૪ | મેથી | ૭૦૫ | ૭૦૫ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૬ | ૪૫૬ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૩૩ | ૫૦૦ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૫ | સોયાબીન | ૭૬૦ | ૭૮૦ |
| ૬ | મગ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ૭ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૧૧ |
| ૧૦ | મગફળી | ૯૫૫ | ૯૫૫ |
| ૧૧ | તલ કાળા | ૩૭૧૦ | ૩૭૧૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૭૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૮૫ | ૧૭૬૫ |
| ૪ | ચણા | ૧૦૬૫ | ૧૧૦૫ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| ૬ | મગ | ૧૨૯૦ | ૧૫૫૦ |
| ૭ | જીરૂ | ૨૯૩૦ | ૩૪૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૮૬ | ૯૮૬ |
| ૨ | તલ સફેદ | ૧૪૪૩ | ૨૧૪૫ |
| ૩ | તલ કાળા | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૪ | તલ પીળા | ૧૯૯૦ | ૧૯૯૦ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૬ | ૫૪૬ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૮૫ |
| ૮ | મગ | ૧૩૫૦ | ૧૪૬૧ |
| ૯ | અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૦ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૬૦ | ૧૦૭૬ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

### ત્રણ ન્યાયાધીશોની બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે

# ત્રિરંગાના રાજકીય-ધાર્મિક ઉપયોગ પર રોક માટે સુપ્રીમ કોર્ટમાં અરજી

## સુપ્રીમમાં થયેલી અરજીમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે કોઈપણ રાજકીય પક્ષ ત્રિરંગા પર પોતાના પક્ષનું પ્રતીક કે ધાર્મિક પ્રતીક લગાવી શકે નહીં

નવી દિલ્હી, તા.૧૨

રાજકીય અને ધાર્મિક હેતુઓ માટે રાષ્ટ્રધ્વજ ત્રિરંગાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી એક મહત્વપૂર્ણ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નિર્દેશ આપવા માટે કહેવામાં આવ્યું છે કે કોઈપણ રાજકીય પક્ષ અથવા ધાર્મિક જૂથને પક્ષપાતી અથવા ધાર્મિક હેતુ માટે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવાથી અટકાવવામાં આવે.

આ અરજીમાં રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ અને ભારતીય ધ્વજ સંહિતા, ૨૦૦૨ ની જોગવાઈઓનો કડક અમલ કરવા માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપવા વિનંતી પણ કરવામાં આવી હતી જેથી રાષ્ટ્રધ્વજનું સંપૂર્ણ સન્માન થાય. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને ન્યાયાધીશ એન.વી. અંજારિયાની બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે. આ અરજી ૧૪ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટની બેંચ સમક્ષ સુનાવણી માટે રજૂ કરવામાં આવશે. અરજદારે કોર્ટને અપીલ કરી છે કે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને સ્પષ્ટ સૂચના આપવામાં આવે કે રાષ્ટ્રધ્વજ પર પક્ષનો લોગો, ધાર્મિક પ્રતીક અથવા કોઈપણ પ્રકારનો લખાણ ઉમેરવામાં આવે તેવા કોઈપણ પ્રયાસને રોકવામાં આવે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજકીય કે ધાર્મિક પ્રતીક તરીકે ત્રિરંગાનો ઉપયોગ માત્ર બંધારણની ભાવનાની વિરુદ્ધ નથી, પરંતુ તે રાષ્ટ્રીય સન્માન અધિનિયમ, ૧૯૭૧ અને ભારતીય ધ્વજ સંહિતા, ૨૦૦૨નું પણ ઉલ્લંઘન છે. અરજદારે માંગ કરી છે કે આ કાયદાઓનું કડક પાલન કરવામાં આવે જેથી ત્રિરંગાનું સન્માન હંમેશા જળવાઈ રહે. અરજીમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે કોઈપણ રાજકીય પક્ષ ત્રિરંગા પર પોતાના પક્ષનું પ્રતીક કે ધાર્મિક પ્રતીક લગાવી શકે નહીં. આ અપીલ ત્યારે સામે આવી છે જ્યારે ઘણી વખત ચૂંટણી રેલીઓ, ધાર્મિક કાર્યક્રમો કે વિરોધ પ્રદર્શનોમાં ત્રિરંગાને પક્ષના પ્રતીક સાથે જોડવામાં આવ્યો છે, જે તેની ગરિમાને ઠેસ પહોંચાડી શકે છે.

અરજીકર્તાએ સુપ્રીમ કોર્ટને અપીલ કરી છે કે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને આવા કિસ્સાઓમાં કડક કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવાનો નિર્દેશ આપે. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સંબંધિત સંસ્થાઓએ ખાતરી કરવી જોઈએ કે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કોઈપણ રાજકીય લાભ કે ધાર્મિક એજન્ડા માટે ન થાય.
ભારતીય ધ્વજ સંહિતા અને રાષ્ટ્રીય સન્માન અધિનિયમ, ૧૯૭૧ સ્પષ્ટ કરે છે કે રાષ્ટ્રધ્વજને કોઈપણ પ્રકારની અપમાનજનક પરિસ્થિતિમાં રાખી શકાતો નથી. આમ છતાં, તાજેતરના વર્ષોમાં, એવી ઘણી ઘટનાઓ બની છે જેમાં ત્રિરંગાનો ઉપયોગ ફક્ત પાર્ટી પ્રચાર અથવા ધાર્મિક કાર્યક્રમો દરમિયાન જ કરવામાં આવ્યો હતો, જેનાથી તેના સન્માન પર પ્રશ્નો ઉભા થાય છે. આ અરજી ભારતના બંધારણ અને તેના પ્રતીકોની ગરિમા જાળવવા માટે જરૂરી મૂલ્યોના રક્ષણ તરફ એક પગલું છે. હવે જોવાનું એ રહે છે કે સુપ્રીમ કોર્ટ આ અરજી પર શું વલણ અપનાવે છે અને શું કેન્દ્ર અને ચૂંટણી પંચ આ દિશામાં કોઈ નક્કર પગલાં લે છે.

### પ્લેન ક્રેશનો રિપોર્ટ આવ્યા બાદ સરકારનું નિવેદન

# ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી નિષ્કર્ષ ઉપર ન પહોંચી શકાય

## મંત્રાલય દ્વારા અમે તેનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ : કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ

નવી દિલ્હી, તા.૧૨

૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી મૂક્યો હતો. આ ભયાનક અકસ્માતમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ મેમ્બરની સાથે અન્ય ૧૯ લોકોના મૃત્યુ થયા હતા. આવી સ્થિતિમાં હવે આ અકસ્માતના એક મહિના પછી શનિવારે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ પ્રાથમિક રિપોર્ટ જાહેર કર્યો છે. બીજી તરફ હવે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આ રિપોર્ટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, આ એક પ્રારંભિક તપાસ રિપોર્ટ છે અને AAIBનો ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી કોઈ પણ સત્તાવાર નિષ્કર્ષ પર ન પહોંચી શકાય.
નાયડુએ કહ્યું કે, આ રિપોર્ટ હાલમાં પ્રારંભિક તબક્કામાં છે અને મંત્રાલય તેમાં સામે આવેલી બાબતોનું વિશ્લેષણ કરી રહ્યું છે. મંત્રાલય દ્વારા અમે તેનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ. AAIB એક સ્વતંત્ર સંસ્થા છે અને અમે તેમને શક્ય તમામ સહયોગ આપી રહ્યા છીએ. અમને આશા છે કે, અંતિમ રિપોર્ટ ટૂંક સમયમાં આવશે જેથી અમે કોઈ મજબૂત નિષ્કર્ષ પર પહોંચી શકીએ.રામ મોહન નાયડુએ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રના પાયલટો અને ક્રૂની પ્રશંસા કરતા કહ્યું કે, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે અમારી પાસે વિશ્વના શ્રેષ્ઠ પાયલટ અને ક્રૂ છે. તેઓ આપણા એવિએશન ઈન્ડસ્ટ્રીના કરોડરજ્જુ છે.
આ સાથે જ મંત્રીએ ખાતરી આપી કે, સરકાર અકસ્માત સંબંધિત તમામ પાસાઓની ગંભીરતાથી તપાસ કરી રહી છે અને અંતિમ અહેવાલના આધારે જરૂરી પગલાં લેવામાં આવશે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે, ઉડ્ડયન સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.
આ રિપોર્ટ પર નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે કહ્યું કે, આ માત્ર એક પ્રારંભિક રિપોર્ટ છે, અંતિમ રિપોર્ટ નથી. જ્યાં સુધી ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી કોઈ નિષ્કર્ષ પર ન પહોંચવું જોઈએ. AAIB એક સ્વતંત્ર સંસ્થા છે, મંત્રાલય તેમના કામમાં હસ્તક્ષેપ નથી કરતું. આ અહેવાલ પ્રારંભિક તપાસનો એક ભાગ છે, અને તમામ તથ્યોની પુષ્ટિ થયા પછી જ ફાઈનલ રિપોર્ટ આવશે.

ભાજપ નેતા અને પૂર્વ મંત્રી શાહનવાઝ હુસૈને પણ આ રિપોર્ટ પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, આ રિપોર્ટ ચોંકાવનારો છે અને ઘણા મહત્વપૂર્ણ સવાલો ઉભા કરે છે. આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે વિમાનના એન્જિનને ઈંધણ નહોતું મળી રહ્યું. આ ખૂબ જ ગંભીર અને ચિંતાજનક બાબત છે, અને તેનાથી ઘણા સ્તરે તપાસની જરૂરિયાતો સામે આવે છે.

### યુવાનોની રાષ્ટ્ર નિર્માણમાં મોટી ભૂમિકા : મોદી

# વડાપ્રધાન મોદીએ ૫૧ હજાર યુવાનોને આપ્યા નિમણૂંક પત્રો

## ૧૬મા રોજગાર મેળા દરમિયાન મોદીએ યુવાનોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો સોંપ્યા હતા

નવી દિલ્હી, તા.૧૨

શનિવારે ૧૬મા રોજગાર મેળા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં ૫૧ હજારથી વધુ યુવાનોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો સોંપ્યા હતા. પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યુવાનોને નિમણૂક પત્રો આપ્યા હતા. આ બાદ, પીએમ મોદીએ યુવાનોને પણ સંબોધન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર સરકારમાં યુવાનોને કાયમી નોકરીઓ આપવાનું અમારું અભિયાન ચાલી રહ્યું છે.

પીએમ મોદીએ રોજગાર મેળા દરમિયાન યુવાનોને સંબોધન કરતા કહ્યું કે, આજે ૫૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે. આવા રોજગાર મેળાઓ દ્વારા લાખો યુવાનોને ભારત સરકારમાં કાયમી નોકરીઓ મળી છે. પીએમ મોદીએ કહ્યું કે, હવે આ યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. આજે પણ, તમારામાંથી ઘણા લોકો ભારતીય રેલવેમાં ફરજો શરૂ કરી ચૂક્યા છે. ઘણા સાથીઓ હવે દેશની સેવાના રક્ષક બનશે. ટપાલ વિભાગમાં નિયુક્ત સાથીઓ હવે સરકારની સુવિધાઓ દરેક ગામ સુધી પહોંચાડશે. ઘણા સાથીઓ હેલ્પ ફોર ઓલ મિશનના સૈનિકો હશે, ઘણા યુવા ફાઈનાન્સર્સ સમાવેશ એન્જિનને વધુ વેગ આપશે.પીએમ મોદીએ કહ્યું કે, તમારા વિભાગો અલગ છે, પરંતુ ઉદ્દેશ્ય એક છે રાષ્ટ્ર સેવા, સૂત્ર એક નાગરિક પ્રથમ. પીએમ મોદીએ કહ્યું કે, તમને દેશના લોકોની સેવા કરવા માટે ખૂબ મોટું પ્લેટફોર્મ મળ્યું છે. આ સાથે, પીએમ મોદીએ તમામ યુવાનોને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. પીએમ મોદીએ કહ્યું કે, દુનિયા માને છે કે ભારતમાં બે અમર્યાદિત શક્તિઓ છે. એક છે ડેમોગ્રાફી અને બીજું છે લોકશાહી, એટલે કે સૌથી મોટી વસ્તી અને સૌથી મોટી લોકશાહી. યુવાનોની આ શક્તિ સૌથી મોટી મૂડી છે અને આપણા ભારતના ઉજ્જ્વળ ભવિષ્યની સૌથી મોટી ગેરંટી છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, અમારી સરકાર આ મૂડીને સમૃદ્ધિનો સ્ત્રોત બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહી છે. પાંચ દેશોની તેમની મુલાકાતનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, ભારતની યુવા શક્તિનો પડઘો દરેક દેશમાં સંભળાયો છે. આ સમયગાળા દરમિયાન થયેલા તમામ કરારોથી દેશ અને વિદેશમાં ભારતના યુવાનોને ફાયદો થશે. સંરક્ષણ, ફાર્મા, ડિજિટલ ટેકનોલોજી, ઉર્જા, ખનિજો જેવા ઘણા ક્ષેત્રોમાં થયેલા કરારોથી આગામી દિવસોમાં ભારતને ઘણો ફાયદો થશે.

### સ્મશાનમાં ડાન્સિંગ કાર દેખાતા લોકો જોવા દોડ્યા

# પરિણીત મહિલા સાથે ભાજપ નેતા રંગરેલિયા મનાવતા પકડાઈ ગયા

## ભાજપ નેતા રાહુલ એક પરિણીત મહિલા સાથે કારમાં અર્ધનગ્ન હાલતમાં જોવા મળ્યા

બુલંદશહેર, તા.૧૨

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં, સ્મશાનમાં એક પરિણીત મહિલા સાથે ભાજપ નેતા રંગરેલિયા મનાવતા પકડાયા હતા. આ મામલો શિકારપુર કોતવાલી વિસ્તારના કૈલાવન ગામના સ્મશાનગૃહનો છે. સ્મશાનગૃહમાં કાર પાર્ક કર્યા પછી ભાજપ નેતા રાહુલ એક પરિણીત મહિલા સાથે કારમાં અર્ધનગ્ન હાલતમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ કેટલાક લોકો ત્યાં પહોંચ્યા અને તેમને રંગે હાથે પકડી લીધા હતા. મળતી માહિતી મુજબ, સ્થાનિક લોકોએ સ્મશાનગૃહમાં એક શંકાસ્પદ કાર પાર્ક કરેલી જોઈ હતી, તેથી તેમને શંકા ગઈ હતી. સ્થાનિક લોકો કાર નજીક પહોંચતા જ તેમણે રાહુલને અર્ધ નગ્ન અવસ્થામાં જોયો હતો. લોકોને શંકા ગઈ અને રાહુલને કારનો દરવાજો ખોલવા કહ્યું હતું.

આ ઘટના સાથે જોડાયેલો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં રાહુલ બાલ્મીકી લોકોના પગ પકડીને પકડાયા બાદ માફી માંગતો જોવા મળ્યો હતો. જ્યારે તેની સાથે હાજર મહિલા દુપટ્ટાથી પોતાનો ચહેરો છુપાવતી જોવા મળી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયો વાયરલ થયા બાદ રાહુલ બાલ્મીકી ફરાર હોવાનું કહેવાય છે.જણાવી દઈએ કે, ભાજપે રાહુલ બાલ્મીકીને જિલ્લા મંત્રી પદની જવાબદારી સોંપી છે. વીડિયો સામે આવ્યા પછી પણ શિકારપુર પોલીસે હજુ સુધી કોઈ કાર્યવાહી કરી નથી. તાજેતરમાં મધ્યપ્રદેશના ભાજપના નેતા મનોહરલાલ ધાકડનો એક વાંધાજનક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેઓ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર એક મહિલા સાથે વાંધાજનક સ્થિતિમાં જોવા મળ્યા હતા. વાંધાજનક વીડિયો વાયરલ થયા બાદ મનોહરલાલ અને તેમની મહિલા સાથી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સીસીટીવીમાં કેદ થયેલી તેમની કાર પણ જપ્ત કરવામાં આવી હતી.

# અમરેલી જિલ્લા કક્ષાનો નેશનલ મેગા લોક અદાલતનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

અમરેલી, તા. ૧૨

તા. ૧૨–૦૭–૨૦૨૫ ને શનિવારના રોજ ન્યાય મંદિર, અમરેલી તથા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં નેશનલ મેગા લોક અદાલતનું આયોજન અમરેલી જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના અધ્યક્ષ રીઝવાના બુખારીનાં વડપણ તથા માર્ગદર્શન નીચે થયેલ.આ નેશનલ લોક અદાલતમાં કુલ ૫૨૨૭ કેસો ફેસલ થયેલા, જેમાં ૧૭૫૫ પ્રિલીટીગેશનના કેસો પણ ફેસલ થયા હતા તેમજ પ્રિલીટીગેશનમાં રૂા. ૧,૪૨,૭૨,૩૬૬/– ની જે તે સંસ્થાઓને એક દિવસમાં રીકવરી થયેલ હતી, આ રીતે આજની લોક અદાલતમાં વીમા કલેઈમના કેસો તથા બીજા કેસો મળી રૂા. ૯,૫૦,૯૧,૫૬૧/– ની રકમનું નોંધપાત્ર ચુકવણું થયેલ હતું.આ લોક અદાલતમા નામ. ગુજરાત હાઈકોર્ટનાં માર્ગદર્શન હેઠળ જુના કેસોનો સમાધાનથી નિકાલ લાવવાની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જિલ્લામાં દસ વર્ષ જુના કેસોનો લોક અદાલતમાં નિકાલ લાવવામાં આવ્યો છે.આ મેગા લોક અદાલતને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ રીઝવાના બુખારી સાહેબના સીધા માર્ગદર્શન નીચે તથા સેક્રેટરી આર.વાય. ત્રિવેદીનાંસંકલનમાં અમરેલી જિલ્લાના તમામ જયુડીશીયલ ઓફીસરો તથા કોર્ટ સ્ટાફએ ખુબ જહેમત ઉઠાવેલ હતી.

આ નેશનલ મેગા લોક અદાલતને જિલ્લા તથા તાલુકા મથકે સફળ બનાવવા માટે વકીલમંડળના હોદેદારો તથા તમામ સીનીયર તથા જુનીયર વકીલોનું મહત્વનું યોગદાન રહયું હતું. આજની નેશનલ મેગા લોક અદાલતમાં ખુબ જ મોટી સંખ્યામાં પક્ષકારો હાજર રહેલ હતા. જેમાં ''બંને પક્ષકારોની જીત અને બંને પક્ષકારોને ન્યાય'' નો લોક અદાલતનો સિધ્ધાંત ચરિતાર્થ થયો હતો.

### વરાપની રાહ વચ્ચે વરસાદનું આગમન

# બાબરા, કોટડા પંથકમાં મોડી સાંજે દે ધનાધન ૨ ઈંચ વરસાદ પડયો

## ભારે વરસાદથી ખેતીકાર્યમાં વિક્ષેપ

કોટડાપીઠા, તા. ૧૨

બાબરા તાલુકા કોટડાપીઠા સહીતનાં ગ્રામ્ય પંથકમાં આજે બપોર બાદ સાંજના ચાર વાગ્યા બાદ શરૂ થયેલ મેઘરાજા આજે સાંજના ૮.૩૦ કલાર સુધીમાં બે ઈંચ થી વરસાદ પડેલ છે. એક બાજુ આ વરસાદ થી ખેડુતો આનંદમાં છે. સતત વરસાદથી ખેતરોમાં નીંદામણ ન થઈ શકવાને કારણે મોલાત નબળી રહે છે. આ વરસાદની ખેતરો પાણીથી તરબોળ થઈ ગયા છે તેમજ ચેકડેમો છલકાયા છે નદી, નાળામાં આ વરસાદી પાણી આવવાથી પાણી ચાલુ થયેલ છે.


તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

### આગામી ત્રણ દિવસને લઈને IMDનું એલર્ટ

# આગામી ત્રણ દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી કરાઈ

## મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદ પડશે

નવી દિલ્હી, તા.૧૨

આગામી ત્રણ દિવસને લઈને હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે શનિવારે આ ચેતવણી જારી કરી છે અને દેશના ત્રણ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૪થી૧૬ જુલાઈ દરમિયાન જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ૧૩થી ૧૮ જુલાઈ દરમિયાન હિમાચલ પ્રદેશ, ૧૩-૧૮ જુલાઈ દરમિયાન ઉત્તરાખંડ, ૧૬મીએ પંજાબ, ૧૬મીએ હરિયાણા, ચંદીગઢ, ૧૪મીએ દિલ્હી, ૧૩મી જુલાઈએ પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ૧૭મી જુલાઈએ પૂર્વ પ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. ૧૪-૧૭ અને રાજસ્થાન ૧૩-૧૬ જુલાઈ દરમિયાન. આ ઉપરાંત ૧૩મીએ ઉત્તરાખંડમાં, ૧૩મીએ ઉત્તર પ્રદેશમાં, ૧૩-૧૫મી જુલાઈ દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં, ૧૩-૧૪મી જુલાઈ દરમિયાન પૂર્વી રાજસ્થાનમાં ભારે વરસાદની સંભાવના છે. ૧૩-૧૮ જુલાઈ દરમિયાન મધ્ય પ્રદેશમાં પૂર્વ અને મધ્ય ભારતમાં, ૧૩ અને ૧૬ જુલાઈ દરમિયાન છત્તીસગઢમાં, ૧૩-૧૫ જુલાઈ દરમિયાન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં, ૧૫-૧૭ જુલાઈ દરમિયાન બિહારમાં, ૧૩-૧૫ જુલાઈ દરમિયાન ઝારખંડ, ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. તે જ સમયે, ૧૩-૧૪ જુલાઈ દરમિયાન મધ્યપ્રદેશમાં ખૂબ જ ભારે વરસાદ પડશે. પશ્ચિમ ભારતના રાજ્યોની વાત કરીએ તો કોંકણ, ગોવામાં ૧૩-૧૫ જુલાઈ દરમિયાન, ગુજરાતમાં ૧૩-૧૬ જુલાઈ દરમિયાન અને મધ્ય મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારોમાં ૧૩-૧૫ જુલાઈ દરમિયાન ભારે વરસાદ પડશે.

ઉત્તરપૂર્વ ભારત માટે, હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી સાત દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતના ઘણા રાજ્યોમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. ૧૩-૧૮ જુલાઈ દરમિયાન આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં કેટલાક સ્થળોએ અને ૧૪-૧૮ જુલાઈ દરમિયાન અરુણાચલ પ્રદેશમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.

# ૧૨ કિલ્લા યુનેસ્કોની વિશ્વ ધરોહરની યાદીમાં સામેલ

નવી દિલ્હી , તા.૧૨

છત્રપતિ શિવાજી મહારાજના ૧૨ કિલ્લાને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે (૧૧ જુલાઈ) કહ્યું કે, મરાઠી શાસકોની કિલ્લાબંધી પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરનારા મરાઠી મિલિટ્રી લેંડસ્કેપ્સને સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષિક, વૈજ્ઞાનિક તેમજ સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો)ની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરનારા રાજ્ય માટે ગૌરવશાળી ક્ષણ છે. આ નિર્ણય પેરિસમાં આયોજિત વિશ્વ ધરોહર સમિતિ (ડબ્લ્યુએચસી)ના ૪૭ના સત્ર દરમિયાન લેવામાં આવ્યો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે, મહારાષ્ટ્ર સરકાર આપણા પ્રિય છત્રપતિ શિવાજી મહારાજને નમન કરે છે! મહારાષ્ટ્રના તમામ નાગરિકો અને શિવભક્તોને હાર્દિક શુભકામના.મરાઠા સૈન્ય પરિદ્રશ્યમાં મહારાષ્ટ્રના સાલ્હેર, શિવનેરી, લોહગઢ, ખંડેરી, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા, વિજય દુર્ગ અને સિંધુદુર્ગ કિલ્લા અને તમિલનાડુનો જિંજિ જિલ્લો સામેલ છે. ફડણવીસે આગળ કહ્યું કે, શિવાજી મહારાજે આ કિલ્લાનું નિર્માણ સ્વરાજ્ય માટે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમને યુનેસ્કોની યાદીમાં સામેલ કરાવવાના પ્રયાસોમાં અનેક લોકોનું યોગદાન છે. અમિત શાહે એક્સ પર લખ્યું કે, આ તમામ દેશવાસીઓ માટે ખૂબ જ ગૌરવની પળ છે, જ્યારે યુનેસ્કોએ મહારાજાધિરાજ છત્રપતિ શિવાજી મહારાજના જીવન સાથે જોડાયેલા ૧૨ કિલ્લાને યુનેસ્કોની ધરોહરમાં સામેલ કર્યા છે. હજું થોડા દિવસ પહેલાં જ રાયગઢ કિલ્લા પર જઈને છત્રપતિ શિવાજી મહારાજના જીવન સાથે જોડાયેલા પ્રતિકોને આત્મસાક્ષાત્કારનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ કિલ્લા હિંદવી સ્વરાજના સંરક્ષણ માટે પ્રમુખ સ્તંભ રહ્યા છે અને અહીંથી સ્વભાષા તેમજ સ્વસંસ્કૃતિ પ્રતિ કરોડો દેશવાસીઓને સતત પ્રેરણા મળતી રહે છે.

### હિન્દુઓની વસ્તી પ્રમાણમાં સ્થિર રહી

# વિશ્વમાં મુસ્લિમોની વસ્તી સૌથી ઝડપથી વધી રહી છે : પ્યુ રિસર્ચ

## એક દાયકામાં મુસ્લિમો વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા ધાર્મિક જૂથ તરીકે ઉભરી આવ્યા

નવી દિલ્હી, તા.૧૨

વર્ષ ૨૦૧૦-૨૦૨૦ દરમિયાન એટલે કે એક દાયકામાં મુસ્લિમો વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા રિલિજિયસ ગ્રુપ એટલે કે ધાર્મિક જૂથ તરીકે ઉભરી આવ્યા છે. જ્યારે વિશ્વના સૌથી મોટા રિલિજિયસ ગ્રુપ એવા ખ્રિસ્તિઓનો હિસ્સો ૧.૮ ટકા ઘટીને ૨૮.૮ ટકા થયો હતો. આ વાત પ્યુ રિસર્ચ સેન્ટરના એનાલિસિસમાં સામે આવી છે, જેનું ટાઈટલ હાઉ ધ ગ્લોબલ રિલિજિયસ લેન્ડસ્કેપ ચેન્જડ ફ્રોમ ૨૦૧૦ ટુ ૨૦૨૦ છે.હિંદુઓની વસ્તી પ્રમાણમાં સ્થિર રહી અને વિશ્વમાં તેમની સંખ્યા ૧.૨ અબજ સુધી પહોંચી ગઈ છે, જેમાંથી ૯૫ ટકા હિંદુઓ ભારતમાં છે. ૨૦૨૦ સુધીમાં ભારતમાં હિંદુઓની વસ્તી ૭૯ ટકા હતી જ્યારે ૨૦૧૦માં તે ૮૦ ટકા હતી. જ્યારે મુસ્લિમોની વસ્તી ૨૦૧૦માં ૧૪.૩ ટકા હતી જે વધીને ૨૦૨૦માં ૧૫.૨ ટકા થઈ હતી.વૈશ્વિક સ્તરે મુસ્લિમ સિવાય કોઈ ધર્મ સાથે ન જોડાયેલા હોય તેવા લોકોની સંખ્યા વધી છે. આવા લોકોને ઘણી વખત નન્સ (nones) કહેવામાં આવે છે. નન્સની સંખ્યા ૨૭૦ મિલિયનથી વધીને ૧.૯ અબજ સુધી પહોંચી હતી, અને ટકાવારી પ્રમાણે જોવામાં આવે તો તેમાં ૨૪.૨ ટકાનો વધારો થયો છે. રિસર્ચમાં સામે આવ્યું છે કે, મુસ્લિમોની સંખ્યામાં ૩૪.૭ કરોડનો વધારો થયો છે. જે અન્ય ધર્મોની કુલ વસ્તી કરતાં વધું છે. વિશ્વની વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૧.૮ ટકા વધીને ૨૫.૬ ટકા થયો છે.વૈશ્વિસ વસ્તીના પ્રમાણમાં હિંદુઓ ૨૦૨૦માં ૧૪.૯ ટકા પર સ્થિર રહ્યા હતા, કેમ કે ૨૦૧૦માં આ આંકડો ૧૫ ટકા હતો. ૨૦૧૦થી ૨૦૨૦ સુધીમાં વિશ્વભરમાં હિંદુઓની સંખ્યા ૧૨ ટકા વધી છે. બૌદ્ધ એકમાત્ર મુખ્ય ધાર્મિક ગ્રુપ હતું જેની વસ્તી ૨૦૨૦માં એક દાયકા અગાઉ ઓછી થઈ હતી. ૨૦૧૦માં ખ્રિસ્તીઓ વૈશ્વિક વસ્તીના ૩૦.૬ ટકા હતા, ત્યારબાદ મુસ્લિમો ૨૩.૯ ટકા, હિંદુઓ ૧૫ ટકા, બૌદ્ધો ૪.૯ ટકા, નન્સ ૨૩.૩ ટકા તથા અન્ય ધર્મો ૨.૨ ટકા અને યહુદીઓ એક ટકા કરતાં ઓછા હતા.આ એનાલિસિસમાં ધાર્મિક વસ્તી વિષયક ફેરફારોને પ્રેરિત કરતા વિવિધ પરિબળો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. વૈશ્વિક વસ્તીમાં ખ્રિસ્તીઓની સંખ્યા ઘટી છે તેનું મુખ્ય પરિબળ ધર્મ છોડી દેવાનું વ્યાપક પ્રમાણ છે. મુસ્લિમ વસ્તી વધવાનું મુખ્ય કારણ તેમની યંગ એજ પ્રોફાઈલ તથા હાઈ ફર્ટિલિટી રેટ છે. હિંદુઓની વસ્તિ સ્થિર રહી છે કેમ કે તેમની ફર્ટિલિટી વૈશ્વિક એવરેજ જેવી જ છે. સર્વેમાં એવું પણ સામે આવ્યું છે કે હિંદુઓ ભાગ્યે જ પોતાનો ધર્મ છોડે છે.



## યુવા બિલ્ડર ભાવિન સોજીત્રાનાં ગાંધીનગર, અમદાવાદ જેવા શહેરમાં હાઈરાઈઝ બિલ્ડિંગ માટે

# અમરેલીમાં શરૂ થયેલ ''પ્રોપર્ટી એક્સ્પો''ને જબ્બરો પ્રતિસાદ

Z BHK, 3 BHK, 4 BHK, પેન્ટહાઉસ, શોરૂમ, ઓફિસ, સ્ટુડીયો માટે સુંદર લોકેશન

ગાંધીનગરનાં સરગાસણ, કુડાસણ, અમદાવાદનાં નિકોલ જેવા ક્રીમ વિસ્તારમાં અતિ આધુનિક બિલ્ડિંગ બનાવાઈ રહ્યા છે

અમરેલી જિલ્લાનાં રોકાણકારોને પણ ભવિષ્યમાં વધારે વળતર મળે તે પ્રકારનું આયોજન

મહાનગરમાં ભવિષ્યમાં સ્થળાંતર કરવા જનારને આજે જ બુકિંગ કરાવાથી થશે ફાયદો




અમરેલી, તા. ૧૨

અમરેલીમાં યોજાયો સૌ પ્રથમ પ્રોપર્ટી એકસ્પો તા. ૧૨ શનિવારે અને તા. ૧૩ રવિવારે અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં આવેલ હોટલ એન્જલ લોર્ડસમાં યોજવામાં આવ્યો છે જેનો આજે છેલ્લો દિવસ છે.

અમરેલીનાં સૌથી નાની વયનાં બિલ્ડર ભાવીનભાઈ સોજીત્રાએ શરૂઆતમાં અમરેલી શહેરમાં બાંધકામ કરી અને નાના-મોટા મકાનો બનાવ્યા. ત્યારબાદ ફલેટ સીસ્ટમમાં પણ તેઓએ બાંધકામ ક્ષેત્રે સારૂ, સુચારૂ બાંધકામ, ઉત્ત ગુણવત્તાયુકત રો-મટીરીયલ્સ વાપરીને મજબુત, આધુનિકતા, સ્ટ્રકચરમાં નિપુણતા મેળવી, પ્રગતિના સોપાન રૂપે તેઓએ મોટા સિટીમાં પણ હરણફાળ ભરેલ છે.

આજે તેઓ અમદાવાદ-ગાંધીનગર જેવા મોટા સિટીમાં પણ સેફરોન ગૃપ, શ્રી શરણમ્ તેમજ અનંતા ગૃપ સાથે હાઈરાઈઝ બિલ્ડિંગો, શોરૂમ, ઓફિસો વિગેરે બાંધકામ ક્ષેત્રમાં આગળ વધતા ત્યાનાં સારા લોકેશનમાં તેમજ ઉચ્ચ ગુણવત્તાયુકત બાંધકામ સાથે વધુમાં વધુ ફેસેલીટી મળી રહે તેવા હેતુથી નવા-નવા તેમજ અલગ-અલગ સ્ટ્રકચર સાથેના અત્યાધુનિક બિલ્ડિંગો, ઓફિસો, શોરૂમ્સ માટેનો અમરેલી જિલ્લા તેમજ આજુબાજુનાં રોકાણકર્તાઓ માટે આ સુંદર પ્રોપર્ટી એકસ્પોનું પ્રથમવાર આયોજન કરેલ હોય. જેમાં શહેરનાં રાજકીય આગેવાનો, વેપારીમિત્રો, ભવિષ્યમાં મોટા સિટીમાં શીફટ થવા વાળા લોકોએ બહોળી સંખ્યામાં એકસ્પોમાં હાજરી આપીને ત્યાનાં દરેક રીપ્રેઝન્ટેટીવ પાસેથી માહિતી મેળવેલ.

આ એકસ્પો બે દિવસ ચાલનારો હોય આજે છેલ્લો દિવસ હોય માટે દરેક રોકાણકર્તાઓ તેમજ ભવિષ્યમાં મોટા સિટીમાં શીફટ થવા ઈચ્છતા લોકોએ એકવાર અચુક આ એક્સ્પોની મુલાકાત લઈ માહિતગાર થવું જોઈએ તે કહેવું અસ્થાને નથી.

### સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં

## દામનગર વિસ્તારમાં રહેતી તરૂણીની પજવણી કરનાર યુવકને ૨ વર્ષની સજા

### સરકારી એડવોકેટની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૨

દામનગર ગામે રહેતી એક ૧૫ વર્ષની તરૂણીનો તે જ ગામે રહેતા આરોપી સુમીત કાંતીભાઈ બારૈયા ગત તા. ૧૦/૮/૨૧ થી તા. ૧૦/૯/૨૧ દરમિયાન અવાર નવાર તરૂણીનો પીછો કરી તેણીની સામે જોઈ અને તરૂણી પાસે મોબાઈલ નંબરની માંગણી કરી અને તેણીની પજવણી કરતો હોય અને જો આ તરૂણી આરોપીના કહ્યા પ્રમાણે નહીં કરે તો તરૂણીના ભાઈને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હોય. જે બનાવ અંગે તરૂણીની માતાએ જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીના ચોથા એડી. સેશન્સ જજ તથા સ્પે. જજ (પોકસો) કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને કોર્ટે માન્ય રાખી સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી સુમિત કાંતીભાઈ બારૈયાને આઈ.પી.સી. કલમ-૩૫૪ (એ), ૩૫૪ (ડી) તથા પોકસો એકટની કલમ-૧૧ (ડી), ૧૨ મુજબનાં ગુનામાં કસુરવાર ઠરાવી ૨ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦,૦૦૦નો દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે આરોપી દંડની રકમ ભર્યેથી તે દંડની રકમમાંથી રૂા. ૮,૦૦૦ ભોગબનનાર તરૂણીને વળતર તરીકે ચુકવવા આદેશ કર્યો હતો.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૫
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal
July Bites, Student Vibes!
Special Offer
10% OFF
બધા વિદ્યાર્થીઓ માટે ફ્લેટ ૧૦% ડિસ્કાઉન્ટ
મિનિમમ બિલ : ૨૧૯૯/-
ઓફર માન્ય : 31 જુલાઈ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 11:00 થી સાંજે 6:00

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૫ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૯૨૭૭ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને સગડીમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (વાડીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

LG Life's Good.
LG વોશર ડ્રાયર
વૉશિંગ & ડ્રાઇંગ - ની નવી શૈલી
20% CASHBACK
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કાર્કર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377

ફ્રી હાડકામાં કેલ્શિયમની ઉણપ ચકાસણીનો કેમ્પ
* જો આપ નીચેની તકલીફોથી પીડાતા હોય જેમ કે...
* ઘુંટણમાં દુખાવો થતો હોય
* ગરદનમાં દુખાવો થતો હોય
* ખભામાં લાંબા સમયથી દુખાવો થતો હોય
* હાડકામાં કેલ્શિયમની ઉણપ છે કે નહિ ?
* લાંબા સમયથી ફ્રેકચર ના જોડાતું હોય
* કમરમાં દુખાવો થતો હોય
* પગના પંજામાં દુખાવો થતો હોય
* સ્ત્રીઓ મેનોપોઝમાં હોય
તો આપ ઓસ્ટીઓપોરોસીસ નામની તકલીફથી પીડાઈ રહ્યા છો, તો આજે જ આ કેમ્પમાં આપનું નામ નોંધાવી યોગ્ય સારવાર મેળવો.
શરીરના કોઈપણ સાંધાનો સતત દુખાવો હાડકા નબળા પડી જવા. એમની પણ કેલ્શિયમની ઉણપ ચકાસવામાં આવશે. આ ટેસ્ટનો અંદાજીત ખર્ચ રૂા.૧૫૦૦/- હોય છે. પરંતુ કેમ્પ દરમ્યાન આ ટેસ્ટ ફ્રી કરવામાં આવશે.
કેમ્પ તારીખ : ૧૪/૦૭/૨૦૨૫, મંગળવાર
કેમ્પનો સમય : સવારે ૧૦.૦૦ થી ૦૨.૦૦
નેત્ર ચીકીત્સા ટ્રસ્ટ
મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ, એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
ડૉ. કૃણાલ ઠકરાર M.B.B.S., M.S., D.N.B.(Ortho) M.R.C.S.(A) LONDON

અમરેલીમાં ચિતલ રોડ ઉપર રાધીકા હોસ્પિટલથી નજીક
રૂમ ભાડે આપવાના છે...
'ફકત બહેનો માટે'
બહારગામથી નર્સિંગ અને આયુર્વેદિકના અભ્યાસ માટે આવતા બહેનો માટે ટોયલેટ, બાથરૂમ અને ફર્નિચરની સગવડતા સાથે રૂમ ભાડે આપવાના છે.
મો.નં.૯૪૨૭૨ ૮૦૯૮૧

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુ:ખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)